પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૧-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે ગુજરાતની સૌથી મોટી ઈવેન્ટ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ મોકૂફ

ગાંધીનગર,

કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે ગુજરાતની સૌથી મોટી ઈવેન્ટ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૨ સમિટ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કોરોનાના વધતા જતા કેસોને પગલે આ નિર્ણય લેવાયો છે. આ સાથે જ અમદાવાદનો ફ્લાવર શો પણ રદ કરવામાં આવ્યો છે. અમદાવાદ રિવરફ્રન્ટ પર એએમસી દ્વારા આયોજિત ફ્લાવર શો પણ રદ કરવાની જાહેરાત કરાઈ છે. જેની સત્તાવાર જાહેરાત બપોરે સ્ટેન્ડિંગ કમિટીમાં કરાશે.

રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં પાછલા એકાદ સપ્તાહથી ફરી વધારો થયો છે. કોરોના સંક્રમણ સાથે નવો વેરિએન્ટ



એમિક્રોનના કેસો પણ જોવા મળ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને અને આ મહામારીનું સંક્રમણ વધે નહીં તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને લક્ષમાં લેતાં રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં આગામી તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમિટના આયોજન માટે સતત માર્ગદર્શન અને પ્રેરણા આપી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી હરહંમેશ માનવજાતના કલ્યાણ, સુખ અને સલામતી તથા સ્વાસ્થ્ય સુખાકારીના હિત ચિંતક રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, ગુજરાત વિકાસનું વૈશ્વિક મોડેલ છે અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિશ્વભરના મૂડીરોકાણ કારો, ઉદ્યોગકારો, નિવેશકો માટે એક સક્ષમ પ્લેટફોર્મ બની રહી છે. આ સમિટમાં વિવિધ દેશોના વડાઓ, મહાનુભાવો, ઉચ્ચસ્તરિય પ્રતિનિધિ મંડળો તેમજ દેશભરના વેપાર-ઉદ્યોગ જગતના સંચાલકોએ સહભાગિતા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો અને રજિસ્ટ્રેશન પણ કરાવ્યું હતું.

આ ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યને વિશ્વ વેપાર-ઉદ્યોગ ક્ષેત્રમાં નવી ઉંચાઈઓ પાર કરાવે તેવી પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકારે તેનું સમયબદ્ધ આયોજન કર્યું હતું. આ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયેલા રાષ્ટ્રો તથા સમિટમાં આવનારા મહાનુભાવો, ડેલિગેશન પ્રત્યે મુખ્યમંત્રીએ આભારની લાગણી વ્યક્ત કરી છે અને તેમના તરફથી આવો જ ઉમળકાભર્યો પ્રતિસાદ ભવિષ્યમાં પણ મળશે તેવી અપેક્ષા દર્શાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમિટના પૂર્વાધ રૂપે યોજાયેલી પ્રિ-વાયબ્રન્ટ સમિટની સફળતામાં સહયોગી કેન્દ્ર સરકારના મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓનો આભાર માન્યો છે. તેમણે રાજ્ય સરકારના વિવિધ વિભાગો, ઈન્ડ્રસ્ટીઝ એસોસિએશન, વેપાર-ઉદ્યોગ મંડળોએ ખૂબ જ ટૂંકાગાળામાં આવી સમિટના આયોજનને સફળ બનાવવા માટે આપેલા સહકારને બિરદાવ્યો છે.

કોરોના વિસ્ફોટને પગલે અમદાવાદમાં ફ્લાવર શો અને પતંગોત્સવ રદ

અમદાવાદ,

કોરોનાના વિસ્ફોટ વચ્ચે ગુજરાત સરકારે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૨ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. ત્યારે અમદાવાદના રિવરફ્રન્ટ પર યોજાતા ફ્લાવર શોને પણ રદ કરવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ ફ્લાવર શો રદ્દ કરવાની જાહેરાત કરી છે. વાઈબ્રન્ટ સમિટના પગલે મોડે-મોડે પણ, AMC એ આખરે ફ્લાવર શો રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ અમદાવાદના આંગણે યોજાનાર પતંગોત્સવ પણ રદ કરવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રહેવાની જાહેરાત થતા જ ફ્લાવર શોના રદ થવાની પણ જાહેરાત કરાઈ છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ૮ જાન્યુઆરીથી ૧૪

જાન્યુઆરી સુધી યોજાનારો ફ્લાવર શો યોજાવાનો હતો, જે રદ કરવામાં આવ્યો છે. જોકે, અમદાવાદમાં યોજાનાર ઈન્ટરનેશલ કાઈટ ફેસ્ટિવલ પણ રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં પાછલા એકાદ સપ્તાહથી ફરી વધારો થયો છે. કોરોના સંક્રમણ સાથે નવો વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને અને આ મહામારીનું સંક્રમણ વધે નહીં તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને લક્ષમાં લેતાં રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદ માટે ચોંકાવનારા સમાચાર એ છે કે, શહેરમાં ૪૦ જેટલા નેતા કોરોના સંક્રમિત થયા છે. શહેર ભાજપ પ્રમુખ અમિત શાહ કોરોના સંક્રમિત થયા છે. આ સાથે ૪૦ જેટલા નેતાઓ કોરોનો પોઝિટિવ આવ્યા છે. મંગળવારે આ તમામ નેતાઓ રિવરફ્રન્ટ સ્થિત કાર્યક્રમમાં ધર્મચાર્ય આશીર્વાદ સમારોહમાં હાજર હતા. સમારોહમાં રાજ્યના ૫૦૦થી વધુ સાધુ સંતો હાજર રહ્યા હતા. જેથી સંતોમાં પણ ડર ભરાયો છે. ભાજપ શહેર પ્રમુખ અમિત શાહ, મહામંત્રી ભૂષણ ભટ્ટ, પરેશ લાખાણી, ઉપાધ્યક્ષ દર્શક ઠાકર, પૂર્વ કોર્પોરેટર અમુલ ભટ્ટ કોરોના સંક્રમિત થયા છે.

સુરતમાં ઝેરી કેમિકલ ભરેલું ટેક્કર લીકેજ થતા ૬ લોકોના મોત નિપજયાં

સુરત,

સુરતમાં મોટી દુર્ઘટના ઘટી છે. ઝેરી કેમિકલ ભરેલું ટેક્કર લીકેજ થતા ૬ લોકોનો ભોગ લેવાયો છે. સચિન જીઆઈડીસીમાં પાર્ક કરેલું કેમિકલ ભરેલું ટેક્કર લીક થતા આ દુર્ઘટના ઘટી હતી. આ દુર્ઘટનામાં ૨૫ જેટલા લોકોને ઝેરી ગેસની અસર થતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં તાત્કાલિક લઈ જવાયા હતા. જેમાંથી ૪ લોકોની હાલત ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સુરત સચિન જીઆઈડીસીમાં રોડની બાજુમાં પાર્ક કરેલુ કેમિકલ ભરેલું ટેક્કરમાં ભરેલું ઝેરી કેમિકલ લીકેજ થયું હતું. ઝેરી કેમિકલ લીકેજ થવાને લીધે મોટી દુર્ઘટના સર્જાઈ છે. હવામાં કેમિકલ ભળતા અનેક લોકો બેભાન થઈ ગયા છે. સચિન જીઆઈડીસીમાં રાજકમલ ચોકડી પ્લોટ નંબર ૩૬૨ બહાર પાર્ક કરેલા કેમિકલ ટેક્કરની ૮-૧૦ મીટર સુધીમાં મજૂરો સૂતા હોવાનું જાણવા મળ્યું છે. અચાનક ટેક્કરની ડ્રેનેજ પાઈપ લીક થતા ગેસ પ્રસરી ગયો. જેના કારણે ત્યાં સૂતેલા મજૂરો અને મિલના કારીગરો પર અસર થઈ. મળતી માહિતી મુજબ હવામાં કેમિકલ ભળતા ગૂંગળામણના કારણે લોકો બેભાન થવા લાગ્યા હતા.

જીઆઈડીસીમાં રોડની બાજુમાં પાર્ક કરેલું કેમિકલ ભરેલું ટેક્કર લીક થતાં

૫ મજૂરોના મોત નીપજ્યા છે, જ્યારે ૨૫થી વધુ મજૂરો ગૂંગળાયા છે. આ ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ દોડતું થયું છે... હાલ તમામ અસરગ્રસ્તોને સિવિલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા ૪ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

મળતી માહિતી પ્રમાણે, જીઆઈડીસીમાં રાજકમલ ચીકડી પ્લોટ નંબર ૩૬૨ બહાર પાર્ક કરેલા કેમિકલ ટેક્કરની ૮-૧૦ મીટર દૂર જ તમામ મજૂરો સૂતા હતા. આ ટેક્કરની પાઈપમાં લીકેજ સર્જાતા ગેસ ફેલાયો હતો. સાડીની મિલમાં કામ કરતા એક કામદારે કહ્યું કે, અમને અચાનક કંઈક વાસ આવી અને એક પછી એક ટપોટપ લોકો પડવા લાગ્યાં, આ ઘટના થતા જ બધા દોડધામ કરવા લાગ્યા હતા. મિલના પ્રોડક્શન મેનેજર સંજય પટેલે આ મામલે જણાવ્યું કે, મિલ બહાર એક કેમિકલ ભરેલું ટેક્કર ઉભું હતું, તેનો એક પાઈપ બાજુની ડ્રેનેજ લાઈનમાં હતો. અચાનક ગૂંગળામણ શરૂ થતાં મિલના કારીગરો જમીન પર પડ્યા લાગ્યા અને આખી મિલમાં ગેસ ગૂંગળામણની અસર થઈ હતી.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૦ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના કેસમાં બુલેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. ગઈ કાલે નવા ૫૮,૦૯૭ કેસ નોંધાયા હતા. હાલ ડેઈલી પોઝિટિવિટી રેટ ૬.૪૩% એ પહોંચ્યો છે. કોરોનાને કાબૂમાં કરવા માટે રસીકરણ પણ પૂરપાટ ઝડપે થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૪૮.૬૭ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૯૦,૯૨૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૩,૫૧,૦૯,૨૮૬ પર પહોંચી ગઈ છે. એક દિવસમાં ૩૨૫ લોકોના મૃત્યુ થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૪,૮૨,૮૭૬ થઈ ગયો છે. હાલ દેશમાં ૨,૮૫,૪૦૧ દર્દીઓ સારવાર હેઠળ છે.

ઓમિક્રોનના વધતા કેસે પણ દેશની ચિંતા વધારી છે. ખુબ ચેપી ગણાતા ઓમિક્રોન વેરિએન્ટના દર્દીઓ વધીને ૨,૬૩૦ થયા છે. જો કે રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં ૯૯૫ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે. કોરોનાનો આ વેરિએન્ટ હવે ૨૬ રાજ્યો સુધી પહોંચી ગયો છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૭૯૭ કેસ, દિલ્હીમાં ૪૬૫ કેસ નોંધાયા છે. ઓમિક્રોનનું જોખમ જોતા કેન્દ્ર સરકારે પણ રાજ્યોને તાકીદે પગલાં લેવા જણાવ્યું છે. વિભિન્ન રાજ્ય સરકારોએ કોરોના મહામારીના પ્રકોપથી બચવા માટે નાઈટ કરફ્યૂ, વીકેન્ડ કરફ્યૂ જેવા પ્રતિબંધો લાગૂ કર્યા છે.

મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન થયેલી સુરક્ષા ચૂકનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન થયેલી સુરક્ષા ચૂકનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ પંજાબની ચન્ની સરકારે આ મામલે તપાસ માટે ઉચ્ચ સ્તરીય કમિટી બનાવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂકનો મામલો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એનવી રમન્ના સમક્ષ રજુ કરવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસની બેન્ચ તેના પર શુક્રવારે વાત કરી શકે છે. મળતી માહિતી મુજબ સીનિયર એડવોકેટ મનિન્દર સિંહે આ મામલે જનહિત અરજી દાખલ કરી છે. અરજીમાં કહેવાયું છે કે આ પ્રકારની સુરક્ષામાં ચૂક સ્વીકારી શકાય નહીં. અરજીમાં સીનિયર એડવોકેટ મનિન્દર સિંહે પંજાબ સરકારને યોગ્ય નિર્દેશ આપવા, જવાબદાર લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે.

પંજાબ સરકારે પીએમ મોદીના ફિરોઝપુર પ્રવાસ દરમિયાન થયેલી ચૂક માટે ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. સમિતિમાં

રિટાયર્ડ જજ મેહતાબ સિંહ ગિલ, પ્રમુખ સચિવ (ગૃહ મામલા) અને ન્યાયમૂર્તિ અનુરાગ વર્મા સામેલ હશે. કમિટી ૩ દિવસની અંદર પોતાનો રિપોર્ટ રજુ કરશે.

પંજાબમાં પીએમ નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક પર સીએમ ચરણજીત સિંહ ચન્નીના દાવાનો પોલ ખોલતા વીડિયોમાં પ્રદર્શનકારીઓ પોસ્ટર ફાડતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ એ સવાલ ઉઠવા લાગ્યો છે કે શું પ્રદર્શનકારીઓને પહેલેથી ખબર હતી કે પીએમ મોદીનો કાફલો અહીંથી પસાર થવાનો છે.

૫ જાન્યુઆરીએ ઘટેલી આ ઘટના પર અનેક સવાલ ઉઠી રહ્યા છે. ફ્લાયઓવર પર જ્યારે પીએમ મોદીનો કાફલો ફસાયો તો ત્યાં કેટલાક પ્રદર્શનકારીઓ હાજર હતા. એટલું જ નહીં કેટલાક પ્રદર્શનકારીઓ તો ચા પીતા પણ જોવા મળ્યા અને ત્યાં ઊભેલી પોલીસ તમાશો જોતી રહી. અનેક પોલીસવાળા તો પ્રદર્શનકારીઓ વચ્ચે પણ જોવા મળ્યા. ફ્લાયઓવર પર પીએમ મોદીનો કાફલો ૨૦ મિનિટ સુધી ફસાયેલો રહ્યો. આવામાં સવાલ એ ઉઠે છે કે શું પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો?

૫ મોટા સવાલ મો વકાસીને ઊભા છે ૧. પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો? ૨. પીએમ મોદીના પહોંચતા પહેલા રસ્તો કેવી રીતે બ્લોક થયો? ૩. પ્રદર્શનકારીઓને કેવી રીતે ખબર પડી કે પીએમ અહીંથી પસાર થશે? ૪. પોલીસ પ્રદર્શનકારીઓને રોકી શકી કેમ નહીં? ૫. પીએમ મોદીના કાફલાને કોણે ખોટું ક્લિયરન્સ આપ્યું?

પીએમ નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂકને ભાજપે ખુબ જ ગંભીર ગણાવી છે. જ્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલય પણ આકરા પાણીએ છે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે જ્યારે કોઈને ખબર નથી કે પીએમ મોદીનો કાફલો અહીંથી પસાર થશે, તેની જાણકારી ફક્ત સુરક્ષા દળોને જ હોય છે તો પછી ત્યાં ફ્લાયઓવર પર લોકો શું કરી રહ્યા હતા? કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પંજાબ સરકાર પાસે આ મામલે રિપોર્ટ માંગ્યો છે. અત્રે જણાવવાનું કે ત્રણ કૃષિ કાયદા પાછા લીધા બાદ પ્રધાનમંત્રીનો આ પહેલો પંજાબ પ્રવાસ હતો. પરંતુ ફિરોઝપુરના ફ્લાયઓવર પર ૨૦ મિનિટ સુધી ફસાયેલા રહ્યા બાદ પીએમ મોદી પાછા ફરી ગયા.

પાંચ વિધાનસભાની ચૂંટણીમાં રેલીઓ અને સભાઓ પર રોક લગાવવા સુપ્રીમ કોર્ટ સમક્ષ માંગ

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે યોજાનારી જાહેર સભાઓ પર રોક લગાવવા માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ માંગણી કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં કહેવાયુ છે કે, ચૂંટણી પ્રચાર માટે યોજાતી રેલીઓ અને સભાઓ પર રોક લગાવવામાં આવે અને માત્ર વર્ચ્યુલ ચૂંટણી પ્રચાર માટે જ પરવાનગી આપવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે, ચૂંટણી પંચે પ્રચાર માટે જે ગાઈડલાઈન જાહેર કરી છે તેનુ પાલન રાજકીય પક્ષો કરી રહ્યા નથી.અગાઉની ચૂંટણીઓમાં પણ રાજકીય પક્ષો દ્વારા ભારે લાપરવાહી વરતવામાં આવી હતી.જેના કારણે કોરોનાની બીજી લહેરમાં કેસ વધી ગયા હતા. દરમિયાન ઉત્તરાખંડ હાઈકોર્ટમાં પણ ચૂંટણી સ્થગિત કરવાની માંગણી સાથેની પિટિશન દાખલ કરવામાં આવી છે.જેના પર હાઈકોર્ટે ૧૨ જાન્યુઆરીએ સુનાવણી કરવાનુ નક્કી કર્યુ છે.

ઓમિક્રોન લાવી શકે છે વધુ એક ખતરનાક કોવિડ વેરિઅન્ટ, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન

નવીદિલ્હી,

ઓમિક્રોનનો ખતરો વિશ્વભરમાં બની રહ્યો છે. આવી સ્થિતિમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસના નવા અને હાલના વેરિઅન્ટ કરતાં વધુ ખતરનાક વેરિઅન્ટની ચેતવણી આપી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું છે કે વિશ્વભરમાં ઓમિક્રોનના વધતા કેસ નવા અને વધુ ખતરનાક વેરિઅન્ટનું જોખમ વધારી શકે છે. ઓમિક્રોન આખી દુનિયામાં દાવાનળની જેમ ફેલાઈ રહ્યું છે. જ્યારે આ વેરિઅન્ટ શરૂઆતમાં સામે આવ્યું હતું, ત્યારે તેના સંક્રમણની ગંભીરતા વિશે ઘણી અટકળો કરવામાં આવી હતી. પરંતુ હવે તેનું સંક્રમણ ખૂબ જ હળવું જોવા મળે છે. એ વાતને લઈ એવી સામે સામે આવવા લાગી છે કે કોરોના મહામારી જલ્દી ખતમ થઈ જશે અને જનજીવન પહેલા જેવું સામાન્ય થઈ જશે. પરંતુ ડબ્લ્યુએચઓએ જણાવ્યું છે કે આટલી જલ્દી બધું સારું થવાનું નથી, પરંતુ સ્થિતિ વધુ વણસી શકે છે. WHOના વરિષ્ઠ કટોકટી અધિકારી કેથરિન સ્મોલવુડે જણાવ્યું છે કે ઓમિક્રોન સંક્રમણના વધતા દરની વિપરીત અસર થઈ શકે છે. તેમણે જણાવ્યું કે જેટલો વધુ ઓમિક્રોન ફેલાય છે, તેટલી વાર વાયરસ તેનું સ્વરૂપ બદલે છે, તેટલી જ વધુ શક્યતા છે કે તેમાંથી એક નવું વેરિઅન્ટ ઉદ્ભવશે. ઓમિક્રોન ડેલ્ટા વેરિઅન્ટ કરતાં ઓછું ઘાતક હોઈ શકે છે, પરિણામે મૃત્યુદર ઓછો થાય છે. પણ કોણ જાણે નવું વેરિઅન્ટ કેટલું જોખમી હશે.. કંઈ કહી શકાય નહીં. ડબ્લ્યુએચઓના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે યુરોપમાં મહામારીની શરૂઆતથી ૧૦ કરોડથી વધુ કોવિડ કેસ નોંધાયા છે અને ૨૦૨૧ ના છેલ્લા અઠવાડિયામાં ૫૦ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. કેથરિન સ્મોલવુડ જણાવે છે કે આ સ્થિતિ ખૂબ જ ખતરનાક છે.તેણે જણાવ્યું કે આપણે ખૂબ જ ખતરનાક સ્થિતિમાં છીએ. અમે જોયું છે કે પશ્ચિમ યુરોપમાં સંક્રમણનો દર ઘણો ઊંચો છે. અને તેની સંપૂર્ણ અસર શું થશે તે હજુ સ્પષ્ટ નથી. કેથરિન સ્મોલવુડે જણાવ્યું હતું કે ઓમિક્રોન સંક્રમણને કારણે હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ ઓછું હોવા છતાં, તે જે ઝડપથી ફેલાય છે તે વધુ જોખમ ઊભું કરી શકે છે. તેમણે જણાવ્યું કે ઓમિક્રોનના કેસ એટલા વધી ગયા છે કે તે ઘણા લોકોમાં ગંભીર સંક્રમણ લાવી શકે છે. તેનાથી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થશે અને મૃત્યુઆંક પણ વધી શકે છે.

ઓમિક્રોનના વધતા જતા કેસોને કારણે યુરોપમાં ચિંતા વ્યાપી ગઈ છે. મંગળવારે યુકેમાં ઓમિક્રોન સંક્રમણની લહેરથી હોસ્પિટલમાં સ્ટાફની અછત સર્જાઈ હતી કારણ કે બ્રિટનમાં પ્રથમ વખત એક જ દિવસમાં કોવિડના ૨ લાખ નવા કેસ નોંધાયા હતા.

સંતરામપુર નગરપાલિકા, સંતરામપુર
સ્વચ્છ ભારત મિશન
જાહેર ખબર

સંતરામપુર નગરપાલિકાને ૧ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા તથા વાંધા/સૂચનો મંગાવવા બાબત.

સંતરામપુર નગરપાલિકાની જાહેર જનતાને આથી સુચિત કરવામાં આવે છે કે, ભારત સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ આપવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે સ્વચ્છ ભારત મિશન તથા ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન અનુસાર સંતરામપુર નગરપાલિકાએ ૧ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

(૧)	શહેરના તમામ રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરવામાં આવે છે.
(૨)	જાહેર સ્થળો, કોમર્શિયલ સ્થળો તથા રહેણાંક સોસાયટીના રોડની સફાઈ કરવામાં આવે છે.
(૩)	જાહેર સ્થળો તથા કોમર્શિયલ સ્થળોએ ડસ્ટબીન (ગ્રીન એન્ડ બ્લ્યુ) ની સુવિધા કરવામાં આવનાર છે તથા મટીરીયલ રીકવરી ફેસીલીટી સેન્ટરની શરૂઆત કરવામાં આવનાર છે.
(૪)	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ ઘડતર કરવામાં આવેલ છે.
(૫)	શહેરના તમામ જાહેર સ્થળો, રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં તથા ઈન્ડસ્ટ્રીયલ મિલ્કતો પાસેથી વેસ્ટ કલેકશન એન્ડ ટ્રાન્સપોર્ટેશનના યુઝર ચાર્જીસની વસુલાત, સ્પોટ ફાઈન તથા પેનલ્ટી ચાર્જીસની વસુલાત કરવામાં આવે છે.
(૬)	શહેરમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
(૭)	શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાના નિકાલ માટે વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરવાનું શરૂ કરવામાં આવનાર છે. અને બાકી રહેલ કચરાનું વૈજ્ઞાનિક ઢબે લેન્ડફીલ સાઈટ ઉપર નિકાલ કરવાની યોજના બનાવવામાં આવેલ છે.
(૮)	શહેરમાં સુશોભનની કામગીરી કરવામાં આવેલ છે.
(૯)	શહેરના તમામ વોટર બોડી અને CT/PT ની સફાઈ માટે કામગીરી કરવામાં આવેલ છે.
(૧૦)	શહેરના જાહેર શૌચાલયો ગુગલ મેપ પર SBM શૌચાલય તરીકે અપલોડ થયેલ છે.

આ નોટીસથી આ બાબતે કોઈપણ નાગરીકોને વાંધા સુચન હોય તો આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ફિન ૧૫ (પંદર) માં સંતરામપુર નગરપાલિકા કચેરીમાં લેખીતમાં રજુઆત કરવા વિનંતી.

ચીફ ઓફીસર
સંતરામપુર નગરપાલિકા

માહિતી/ગોધરા/૮૧૮/૨૦૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં.-૩૦-સને-૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા જિલ્લો મહીસાગર-૩૮૯૨૩૦ ધ્વારા નીચેના કામો માટે ટેન્ડર ઓફલાઈન માંગવામાં આવે છે. (૧) કામનું નામ-બાલાસિનોર તાલુકા પ્રયોગશાળાને એન.એ.બી.એલ.ના ધારાધોરણ મુજબ બનાવવા માટે હયાત ઓફિસમાં રીનોવેશન તથા રીપેરીંગ કામગીરી (૨) કુલ એક કામની અંદાજીત કિંમત રૂા.૪.૯૨ લાખ (૩) એજન્સીની પાત્રતા-રજીસ્ટ્રેશનની નકલ, જી.એસ.ટી. નંબર, પાનકાર્ડ, ઈન્કમટેક્ષ રીટર્ન-૨૦૨૦-૨૧, બેંક સોલવન્સીની નકલ ધરાવતા હોવા જોઈએ. (૪) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૮/૦૧/૨૦૨૨ ના રોજ ૧૫.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. ટેન્ડરો ભરીને રજી.પોસ્ટ ધ્વારા કચેરીમાં પરત સ્વીકારવાની છેલ્લી તા.૨૭/૦૧/૨૦૨૨ ના બપોર ૪.૦૦ કલાક સુધી છે. કામની વધુ વિગતો માટે ફોન નં.૦૨૬૭૪૨૫૧૫૮૦ અને મો.૯૯૭૮૪૦૬૬૨૦ પર સંપર્ક સાંધવો. ટેન્ડરને મંજુર કે નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારી પાસે અબાદીત રાખેલ છે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની તકલીફ અંગે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પ લાઈન નં.''૧૯૧૬'' ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ
વિભાગ, લુણાવાડા

માહિતી/ગોધરા/૮૨૦/૨૦૨૨

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ટુંકી મુદતની જાહેર નિવિદા નં.''૧'' સને ૨૦૨૧-૨૨ ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, હડફ સિંચાઈ પેટાવિભાગ મોરવા (હ) ૩૮૯૧૫૫ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૮૪૪૩૨ દ્વારા સરકાર માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી પોસ્ટ મોનસુન વર્ક ફોર એલ.બી.એમ.સી. એન્ડ આર.બી.એમ.સી. તથા રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ ઓલ્ડ કંપાઉન્ડ વોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લાના વિરપુરના નાયબ કલેકટરનો સપાટો

ખનીજનું અનઅધિકૃત ખનન કરતાં ૯ વાહનો સહિત અંદાજિત રૂા. બે કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ખનીજનું (સફેદ પથ્થર વગેરે) અનઅધિકૃત ખનન કરીને સરકારી તિજોરીને નુકશાન પહોંચાડી રહેલા તત્વો સામે પગલાં લેવા અને ખનીજની ચોરીને ડામવા માટે આજે મહીસાગર જિલ્લાના વિરપુરના નાયબ કલેકટર એચ. ટી. મકવાણા અને મામલતદાર હિમાંશુ સોલંકીની ટીમએ વિરપુર તાલુકામાં અભિયાન આદર્યું હતું. આ અભિયાન દરમિયાન માંડલિયા, બભિયાદેવની ચોકડી ગામની સીમમાંથી આ ટીમ દ્વારા ખનીજનું (સફેદ પથ્થર વગેરે) અનઅધિકૃત ખનન કરી રહેલા ૯ વાહનો જપ્ત કર્યા હતા.

નાયબ કલેકટર એચ. ટી. મકવાણાના નેતૃત્વ હેઠળમાં પકડવામાં આવેલ આ નવ વાહનોમાં ત્રણ જેસીબી મશીન, પાંચ ટ્રેક્ટર ટ્રોલી અને એક ફુલ સાઈઝ ડમ્પરનો સમાવેશ થાય છે.

મકવાણાના નેતૃત્વ હેઠળ જે વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. તેમાં ત્રણ વાહનોના નંબ GJ35S0033 (JCB મશીન) =, GJ23AG1165(ટ્રેકટર), GJ23C1209 (ટ્રક) તથા અન્ય બિન નંબરી વાહનો મળી આવ્યા છે.

આ ઉપરાંત જુદી જુદી છ (૬) સાઈટ પર બિનઅધિકૃત ખનનનું મેપીંગ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી મારફતે કરાવતા તેમજ કુલ ૯(નવ) વાહનો મળી અંદાજિત ૨ (બે) કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરીને ધ ગુજરાત પ્રિવેન્શન ઓફ ઈલ લીગલ માઈનીંગ, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશન રૂલ્સ-૨૦૧૭ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને નાયબ કલેકટર મકવાણાએ સપાટો બોલાવી દીધો છે.

આમ, વિરપુરના નાયબ કલેકટર મકવાણાએ જિલ્લામાં અનઅધિકૃત રીતે ખનીજનું ખનન કરી રહેલા લોકોને ચેતી જવાનો સ્પષ્ટ સંદેશો પાઠવ્યો છે.

મહીસાગરવાસીઓને માસ્ક પહેરવાની, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાની અને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા મહિસાગર જિલ્લા કલેકટરની અપીલ

લુણાવાડા, હાલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ના સંક્રમણની સ્થિતિમાં વધારો થઈ રહ્યો છે. અને ખાસ કરીને કોરોના સંક્રમણની સાથે નવા વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળી રહ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ ન વધે અને વધુ ન ફેલાય તેની સંપૂર્ણ રાખવી એ આપણી નૈતિક ફરજ બની રહે છે.

આ કોરોના વાયરસ અને નવા વેરિએન્ટ એમીક્રોનની વૈશ્વિક મહામારી સામે દેશ સહિત રાજય સરકાર મકકમતાથી લડત આપીને કોરોનાને મહાત આપવા તથા સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે.

મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ મહીસાગરવાસીઓને એક જવાબદાર નાગરિક તરીકે કોરોનાનું અને નવા વેરિએન્ટ ઓમીક્રોનનું સંક્રમણ ન ફેલાય અને દરેક નાગરિક સુરક્ષિત અને સલામત રહે તે માટે આપણી પણ ફરજ બની રહેતી હોય જરૂર હોય તો જ ઘરમાંથી બહાર નીકળીએ અને જયારે જરૂર કામ અર્થે કે અન્ય કોઈ કામ માટે ઘરની બહાર નીકળીએ ત્યારે અવશ્ય માસ્ક પહેરીને જ બહાર નીકળીએ અને જરૂરી સોશિયલ ડિસ્ટન્સીંગ (દો ગજ કી દૂરી) જાળવવા અપીલ કરી છે.

તેમણે વધુમાં નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, આપણું કામ અહીં જ પુરૂં નથી થતું તેની સાથોસાથ પ્રશાસનની વ્યવસ્થાને સંપૂર્ણ સહયોગ આપીએ અને આરોગ્યની ગાઈડલાઈનનું પાલન કરી આપણા પરિવારના બાળકો અને વૃધ્ધ વડીલોની પણ ખાસ દરકાર કરી તેઓની તંદુરસ્તી જળવાઈ રહે તેમ કરવા પણ જણાવ્યું છે.

કલેકટરએ નાગરિકોને કોરોના અને નવા વેરિએન્ટ ઓમીક્રોનના વધતા જતા સંક્રમણ સામે આપણે લડી રહ્યા છીએ. આ સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા માટે કેન્દ્ર અને રાજય સરકારના આરોગ્ય વિભાગની ગાઈડલાઈનનું પાલન કરી માસ્ક પહેરીએ, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવીએ અને વારંવાર સાબુ/સેનેટાઈઝરથી હાથ ધોવાની ખાસ કાળજી લેવાનું જણાવી નાગરિકોને હું પોતે સ્વસ્થ રહીશ અને મારા સમાજને સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરવા અને કોરોના તથા નવા વેરિએન્ટ ઓમીક્રોનના સંક્રમણને ફેલાતો અટકાવી માનવજીવનને તેનાથી બચાવવાનો પ્રયાસ કરીએ એ જ આજના સમયની માંગ હોઈ કટિબધ્ધ થવા જણાવ્યું છે.

શહેરા નવીવાડી ગામે સંત ભીખારામ મહારાજની પૂણ્યતિથી સત્સંગ સમારોહ યોજાયો

શહેરા, નવીવાડીમાં સંત ભીખારામ મહારામની નવમી પુણ્યતિથિ નિમિત્તે મુકેશ ગીરી મહારાજની અધ્યક્ષતામાં ભજન-કિર્તન અને સત્સંગ સમારોહ તથા અલખ ધણી રામદેવ પીરના પાટોત્સવનું આયોજન તેમના સુપૂત્ર મૂકે શભાઈ માછી તથા તેમના પરીવારજનોએ કર્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે બાલાશિનોર કોલેજના પ્રિન્સિપાલ દિનેશભાઈ માછી,સંત બીજલબાપાના કૃપાપાત્ર શિષ્ય આ. વિજયા દીદી તથા નિરંકારી મિશનના વિનોદભાઈ માછીએ પોતાની વાણીનો રસાસ્વાદ કરાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત મુકેશ ગીરી મહારાજના સુમધુર ભજન-કિર્તન-સત્સંગથી થઈ હતી.પરમપિતા પરમાત્માના જ્યોતિ સ્વરૂપ દિપ પ્રાગટ્ય બાદ પ.પૂ.વિજયા દીદીએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતુંકે, કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરીને જિજ્ઞાસાપૂર્વક ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસે જઈને વિધિપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરવું. ગુરૂએ પ્રદાન કરેલ જ્ઞાનમાં ધ્યાન રાખવાનું છે.

દિનેશભાઈ માછીએ કહ્યું હતું કે, જીવનને સુખમય બનાવવું હોય તો જીવનમાં ભકિત હોવી જોઈએ. ગમે તેટલી ભૌતિક સંપત્તિ મળી જાય તો પણ અભિમાન ન કરવું.સતશાસ્ત્રોનો અભ્યાસ કરવો.આ જગતમાં અલગ અલગ સ્વભાવવાળા અનેક પ્રાણીઓ છે,તે તમામ પ્રારબ્ધને આધિન છે.તમામ જીવો પોતાની શકિતથી નહી પરંતુ પ્રારબ્ધ અનુસાર સુખ-દુઃખ ભોગવતા હોય છે તેમ સમજી મનમાં હર્ષ કે શોક ન કરવો જોઈએ.

વિનોદભાઈ માછી નિરંકારીએ ભારતીય સંસ્કૃતિમાં આપણા દેશનું નામ ભારત જે મહાપુરૂષ ભરતના નામ ઉપરથી પડ્યું છે તે દુષ્યંત-શકુંતલાની કથા સમજાવી હતી.જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં આપણાથી કોઈ આગળ વધે તો તેના પગ ના ખેંચતાં તેને સહકાર આપવો જોઈએ,ખુશ થવું જોઈએ.ભકિતમાર્ગમાં ભગવંત કરતાં સંત મહાન છે. લંકામાં જવા રામે સેતુબંધ બાંધવો પડ્યો જયારે હનુમંતજી ચારસો ગાઉનો સમુદ્ર ઉડીને પાર કર્યો હતો.

વ્યાસપીઠ પરથી મુકેશ ગીરી મહારાજે સંત મૂળદાસની કથાના માધ્યમથી સમજાવ્યું કે, બીજા લોકોની પીડા અને દુઃખને જાણે,પોતાનું સમજીને સમાજનું ભલું કરવા ઈચ્છે તે સંત છે. આલોકના માનવ પાસે માનની અપેક્ષા ન રાખવી,જે આજે તમારી પ્રસંશા કરે તે કાલે તમારી નિંદા પણ કરશે.પ્રાર્થના કરતાં કહ્યું કેઃ હે પ્રભુ..સાચી સમજણ આપી,મારા ભટકેલ મનની ભુલો સુધારજો,કાયાનું દેવળ અમને કાચું લાગે છે તો અંતિમ સમયે શરણમાં લેજો, અમારામાં ઘણી જ ખામીઓ છે તે ન જોતાં અમોને શરણમાં લેજો.

જેના પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય તેને સાધુ પુરૂષનો સંગ મળે છે. અન્યનો સંગ કરશો તો ભજનમાં ભંગ પાડશે, નિંદા કરનારા નરકમાં જાય છે. માછલી પાણીમાં રહેતી હોવા છતાં તરસી છે એ વાત સાંભળીને જેમ હસવું આવે એવી જ રીતે જીવ પરમાત્માનો અંશ હોવા છતાં, ઘટ ઘટમાં રમી રહેલ પરમાત્માને પામી શકતો નથી અને સાંસારિક વિષયોમાં ફસાય છે એ જોઈ મને હસવું આવે છે.જેમ મૃગની નાભિમાં કસ્તૂરી હોય છે પણ તે આખા જંગલમાં દોડી દોડીને તેને શોધે છે. તેમ સ્વરૂપની અનુભૂતિ ન હોવાથી માનવ પણ કાશી મથુરા જેવા તીર્થસ્થાનોમાં તેની ખોજ કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા અગણિત મુનિજનો જેને સેવે છે. તે અવિનાશી પરમાત્મા તો આપણા હૃદયમાં વિરાજમાન છે, તેને ઓળખવાની કોશિશ કરો. એ નજીક હોવા છતાં દૂર માલૂમ પડે છે અને દૂર હોવાની વાતને કારણે માનવને એની શોધમાં નિરાશા સાંપડે છે. ઈશ્વર પોતાના અંતરમાં વિરાજેલ છે અને તેના સુધી સરળતાથી પહોંચવાનો માર્ગ ગુરૂ વિના મળવો મુશ્કેલ છે.

આ જીંદગીનો ભરોસો નથી કે યમનું તેડું ક્યારે આવે,અમે નહી રહીએ તો પણ જીવન દરમ્યાન કરેલ કર્મો અને પ્રેમભાવ દુનિયા યાદ કરશે.

ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગ ચગાવતા આટલું ખાસ ધ્યાન રાખીએ

લુણાવાડા, ઉત્તરાયણ એક એવો તહેવાર છે કે, આ તહેવાર પહેલા અને તહેવાર દરમિયાન બાળકોથી માંડીને યુવાઓ અને અબાલ-વૃધ્ધો સૌ અગાસી પર ચઢીને પતંગ ચગાવવાની મજા અવશ્ય લેતાં હોય છે. પરંતુ આ મજા ક્યાંક આપણી કે આપણા પરિવાર માટે ઉદાસીનતામાં ન ફેરવાય તે માટે આપણે જો આટલું અવશ્ય કરીશું તો ઉત્તરાયણની મજા મોજ, આનંદ અને ઉત્સાહથી માણી શકીશું.

આ પર્વની મોજ માણતાં પૂર્વે આપણે સૌ પ્રથમ પ્રાથમિક સારવારની કીટ તૈયાર રાખીએ, આપણા ધાબાની પાળીની ઉંચાઈ પૂરતી છે કે કેમ તેની ખાતરી કરી લેવી જોઈએ. ધાબાની અગાસી કરતાં ખૂલ્લાં મેદાનમાં પતંગ ચગાવવાનું વધુ પસંદ કરવું જોઈએ. પતંગ ચગાવતી વખતે સમજદારી, સદ્ભાવ અને સાવચેતી રાખીએ. માનવી, પશુઓ અને વાહનોથી સાવચેત રહીએ, માથા ઉપરથી પસાર થતા વીજળીના તારથી દૂર રહીએ. જયારે બાળકો પતંગ ચગાવતાં હોય ત્યારે એક વાલી તરીકે આપણે તેઓની દેખરેખ રાખીએ.

ઉત્તરાયણના તહેવાર દરમિયાન ખાસ કરીને આપણે સવારે ૬ થી ૮ અને સાંજના ૫ થી ૭ દરમિયાનનો આ જે ગાળો છે તે ખાસ કરીને પક્ષીઓના ગગનમાં વિહરવાનો ગાળો હોઈ આ ગાળા દરમિયાન પક્ષીઓ ગગનમાં વધુ પ્રમાણમાં વિહરતા હોવાથી આ સમય દરમિયાન પતંગ ચગાવવાનું ટાળીએ જેથી પક્ષીઓને ઈજા ન થાય અને તેઓના જીવનું રક્ષણ કરી શકીએ.

ઉત્તરાયણ દરમિયાન ખાસ કરીને સિન્થેટીક વસ્તુઓ અને પ્લાસ્ટીકના ઉપયોગથી બનાવેલી તીક્ષ્ણ દોરી કે ચાઈનીઝ દોરીનો ઉપયોગ પતંગ ચગાવવા માટે ન કરવો જોઈએ. કારણ કે આ દોરીથી પક્ષીઓ ઘાયલ થાય છે તથા માર્ગ ઉપરથી પસાર થતા વાહનચાલકો અને માનવ જીંદગીને પણ અસર કરે છે અને તેના કારણે માનવી ઘાયલ થાય છે અને તેના ઘા ની અસર તહેવારની ઉજવણી બાદ પણ લાંબા સમય સુધી રહેતી હોય છે. ઢાળવાળી મકાનની છત હોય તેવા મકાન ઉપરથી પતંગ ન ચગાવીએ, પતંગ કપાઈ જાય તો આવા મકાન ઉપરની છત ઉપરથી પતંગ લેવા કે પકડવા દોડીએ નહીં, વીજળીના તારમાં ફસાયેલા અને સબ સ્ટેશનમાં પડેલા પતંગને પાછો મેળવવાની લાલચ ન રાખીએ. લુઝ કપડાં ન પહેરવા અને ગીચ વિસ્તારોમાં પતંગ ચગાવીએ નહીં જેવી બાબતોની આપણે કાળજી રાખીએ. જો આપણે આટલું કરીશું તો આપણે ઉત્તરાયણનો તહેવાર આનંદથી માણી શકવાની સાથે અન્યોના જીવ પણ બચાવી શકીશું.

હાલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ના સંક્રમણની સ્થિતિમાં વધારો થઈ રહ્યો છે. અને ખાસ કરીને કોરોના સંક્રમણની સાથે નવા વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળી રહ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ ન વધે અને વધુ ન ફેલાય તેની સંપૂર્ણ રાખવી એ આપણી નૈતિક ફરજ બની રહે છે. ત્યારે ઉત્તરાયણના તહેવાર દરમિયાન આપણા કલ્યાણ, સુખ અને સલામતી તથા સ્વાસ્થ્ય સુખાકારી માટે આપણા પોતાના પરિવાર સિવાય મિત્રો તથા અન્યોને આપણા ઘરની અગાસી પર ભેગા ન કરીએ એ આજના સમયની માંગ છે.

દે.બારીઆના ત્રણ ગામોમાં રીંછે એક કલાકમાં ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકો ઉપર હુમલો કરતા ભયનો માહોલ

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાં આવેલા ત્રણ ગામોમાં રીંછે એક કલાકમાં ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકો ઉપર હુમલો કરીને ઘાયલ કરતા ખળભળાટ સાથે ભયની લાગણી ફેલાઈ ગઈ હતી.

દે.બારીઆ તાલુકામાં આવેલા ભુતપગલા ગામે ચંપાબેન રમેશભાઈ રાઠવા કોતરમાં પોતે મુકેલુ મશીન જોવા ગયા હતા ત્યારે બપોરના ૧ વાગ્યે રીંછે હુમલો કરીને તેમના પગની સાથળ અને હાથની આંગળી ઉપર ઈજા કરી હતી. ત્યાંથી ભાગેલા રીંછે ૧.૧૫ વાગ્યે ખેતરમાં કામ કરતા પ્રફુલ્લભાઈ બળવંતસિંહ બારીયા ઉપર હુમલો કરીને તેમના પગ અને ઢીંચણના ભાગે બચકા ભર્યા હતા. ત્યાંથી પણ ભાગી છુટી ભુતપગલા ગામમાં જ કૈલાશબેન દિનેશ બારીયા ઉપર ૧.૩૫ વાગ્યે હુમલો કરી સાથળ, હાથ અને કપાળમાં બચકા ભરી ઘાયલ કર્યા હતા. રીંછના હુમલાથી ગામમાં ભય ફેલાઈ જવા પામ્યો હતો. લોકોએ દેકારા પડકારતા રીંછ ભાગીને નજીકના ખાંડણીયા ગામે પહોંચી ગયુ હતુ. ત્યાં ૧.૧૫ વાગ્યાના અરસામાં બકરા ચરાવતા સુમીત્રાબેન સોમાભાઈ નાયકને નિશાન બનાવીને તેમના પગની સાથળ અને હાથ ઉપર બચકા ભર્યા હતા. સુમિત્રાબેનની બુમાબુમથી રીંછ સાતકુંડા ગામે પહોંચી બપોરના બે વાગ્યે ખેતરમાં અજીતભાઈ નરપતભાઈ બારીયા ઉપર હુમલો કરીને તેમના ખભાના ભાગે બચકા ભર્યા હતા. એક સાથે ત્રણ ગામમાં એક જ કલાકના ગાળામાં રીંછે પાંચ લોકોને ઘાયલ કર્યાની ઘટનાથી લોકોમાં ભય સાથે સાથે ફફડાટની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનાને પગલે ત્રણેય ગામોમાં વનવિભાગના કર્મચારીઓ ઘસી ગયા હતા અને તમામ ઘાયલોને ૧૦૮ મારફતે દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ તૂટી પડ્યો

ગાંધીનગર, હવામાન વિભાગની આગાહી વચ્ચે ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ (gujarat rain) તૂટી પડ્યો છે. ત્યારે આજે વહેલી સવારે અમદાવાદ, અરવલ્લી, પંચમહાલ, સાબરકાંઠા જિલ્લામાં વરસાદ પડ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. જેને કારણે ખેડૂતોને પાકના નુકસાનની ચિંતા સેવાઈ રહી છે.

વહેલી સવારે અમદાવાદમાં શહેરમાં ભર શિયાળે વરસાદી માહોલ છવાયો છે. અનેક વિસ્તારોમાં મોડી રાતથી કમોસમી વરસાદ તૂટી પડ્યો છે. વિવિધ વિસ્તારોમાં મોડી રાતથી હળવો વરસાદ તૂટી પડ્યો છે. શહેરના બોડકદેવ, સોલા, ઈસ્કોન, શિવરંજીની, વસ્ત્રાપુર, મણિનગર, એલિસબ્રિજ, નારોલ, નિકોલ, વસ્ત્રાલ, બાપુનગર, ખોખરા સહિત વિસ્તારમાં પણ વરસાદ તૂટી પડ્યો છે. અમદાવાદમાં સામાન્ય વરસાદની સાથે વિઝીબિલિટી પણ ઘટી છે. ધુમ્મસભર્યું વાતાવરણ થતા સામાન્ય ઠંડકમાં પણ વધારો થયો છે.

અરવલ્લી જિલ્લામાં ગત રાતથી ઝરમર વરસાદ વરસી રહ્યો છે. કેટલાક વિસ્તારમાં કમોસમી હળવું માવઠું પડ્યુ છે. મોડાસા, શામળાજી, ભિલોડા, માલપુર વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ ખાબક્યો છે. વાતાવરણમાં ધુમ્મસ વધતા વિઝિબિલિટી ઘટી છે. ગત રાતથી જિલ્લા હળવો કમોસમી વરસાદ આવતા માવઠાથી જિલ્લાના બટાકા, ઘઉ, મકાઈ, ચણા, જીરું, વરિયાળીમાં નુકશાનની શક્યતા છે. પંચમહાલ જિલ્લાના વાતાવરણમાં વહેલી સવારથી ધૂમ્મસ વાળું વાતાવરણ છવાયુ છે. વિઝીબિલિટી ઓછી થતાં હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ છવાયું છે.

કચ્છ જિલ્લામાં ભરશિયાળે ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે જેના કારણે ખેડૂતો અને માલધારીઓના જીવ તાળવે ચોંટી ગયા છે. હવામાન વિભાગની આગાહી અન્વયે આજે સવારથી જિલ્લાના વાતાવરણમાં પલટો આવી ગયો છે. સવારથી જ વાગડથી માંડી લખપત સુધીના વિસ્તારમાં વાતાવરણ ગોરંભાયેલુ જોવા મળી રહ્યું છે. સૂર્ય નારાયનના દર્શન ન થવાથી ઠંડીમાં પણ વધારો નોંધાયો છે. દરમ્યાન સવારથી જિલ્લામાં ઝરમર વરસાદની હાજરી નોંધાઈ છે. નખત્રાણા, ઉખેડા, નલિયા, ભવાનીપુર, હાજીપીર, ટોડીયા, લોરીયા સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો છે. ઉખેડા ગ્રામ પંચાયતના સરપંચ તુષારભાઈ ગોસ્વામીએ જણાવ્યું કે, સવારથી જ પશ્ચિમ કચ્છનાં વાતાવરણમાં પલટો આવ્યો છે અને નખત્રાણા, લખપત અને અબડાસામાં વરસાદ પડ્યો છે. જેના કારણે ખેતરમાં પાકને નુકશાની થવા સાથે માલધારીઓના ઘાસને પણ નુકશાની થઈ છે. ભરશિયાળે કચ્છમાં કમોસમી વરસાદથી ચિંતાના વાદળો ઘેરાઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે, ૮ જાન્યુઆરી સુધી રાજયના જુદા જુદા વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામા આવી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. અમુક વિસ્તારોમાં આગામી ૩ દિવસમાં ભારે ઝાપટા પણ પડવાની શક્યતા છે. વરસાદને કારણે આગામી ૨ થી ૩ દિવસમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા છે. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

પાકિસ્તાન કરતા ભારત ખુબ આગળ : વડાપ્રધાન ઈમરાનનો સ્વીકાર

ઈસ્લામાબાદ, પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન હવે એ સત્ય સ્વીકારવા લાગ્યા છે કે ભારત તેમના કરતા ખુબ આગળ છે. આ જ કારણ છે કે ટૂંકા ગાળામાં તેમણે બીજીવાર ભારતના પેટછૂટા વખાણ કર્યા છે. પાકિસ્તાન-ચીન બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટ ફોરમના ઉદ્ઘાટન સમારોહમાં ઈમરાન ખાને ભારતના આઈટી સેક્ટરના જાહેર મંચથી વખાણ કર્યા. તેમણે કહ્યું કે હિન્દુસ્તાન તેમા વીસ વર્ષ પહેલા ક્યાં હતું અને આજે તેનું એક્સપોર્ટ જુઓ અને આપણને જુઓ.

આ અગાઉ પણ ઈમરાન ખાને ૨૭ ડિસેમ્બરે લાહોરમાં સ્પેશિયલ ટેક્નોલોજી ઝોન 'ટેક્નોપોલીસ' ના ઉદ્ઘાટન સમારોહમાં પણ કહ્યું હતું કે તેમનો દેશ આઈટી સેક્ટરમાં ભારતથી ઘણો પાછળ છે. આ કાર્યક્રમમાં તેમણે ભારતના આઈટી સેક્ટરના ખુબ વખાણ કર્યા હતા. બીબીસીના રિપોર્ટ મુજબ પાકિસ્તાનના પીએમએ કહ્યું કે 'આ ખુબ જ ખાસ તક છે કે આપણે ચીન બિઝનેસ ફોરમ પર ભેગા થયા છીએ અને આ એટલા માટે ખાસ છે કારણ કે તેનાથી સરકારને ફીડબેક મળે છે. વેપાર અને રોકાણની દિશામાં કયા પ્રકારની મુશ્કેલીઓ આવે છે અને કયા પ્રકારની સુવિધા હોવી જોઈએ તે સમજવામાં મદદ માટે આ ફોરમ ખુબ મહત્વનું છે.'

ઈમરાન ખાને કહ્યું કે વીતેલા ત્રણ વર્ષમાં એક ફીડબેક મને સતત મળી રહ્યો છે. તે છે આપણે ચાઈનીઝ ઈન્ડસ્ટ્રીને આપણા દેશમાં આવવા માટે ઈન્સેટિવ સુદ્ધા આપીએ છીએ પણ આમ છતાં રોકાણ માટે જે સમય લાગે છે એટલે કે એગ્રીમેન્ટથી લઈને ઈમ્પ્લિમેન્ટ સુધીનો સમય તે ખુબ વધુ છે. આપણે બધા જાણીએ છીએ કે જો કોઈ રોકાણકાર માટે સમય વહી રહ્યોછે તો તે તેના માટે યોગ્ય રોકાણ નથી. તેમણે કહ્યું કે સરકારની પૂરેપૂરી કોશિશ છે કે જેના કારણે આ સમય લાગે છે તે અડચણોને દૂર કરવામાં આવે અને અમે સતત તે દિશામાં કામ પણ કરી રહ્યા છીએ.

ખાને વધુમાં કહ્યું કે એ સમજવા જેવી વાત છે કે દેશની સંપત્તિ ત્યાં સુધી ન વધી શકે જયાં સુધી તેનું ઔદ્યોગિકરણ ન થાય. નાના નાના દેશોની નિકાસ ક્યાંથી ક્યા પહોંચી ગઈ છે પરંતુ આપણે ઠેરના ઠેર છીએ તે ખુબ તકલીફ આપનારું છે. નિકાસ ન કરનારો દેશ કેવી રીતે આગળ વધી શકે? જયાં સુધી આપણે દુનિયાને ચીજો વેચીશું નહીં ત્યાં સુધી આપણે આગળ કેવી રીતે વધી શકીશું? હાલ આપણે શાકભાજી, ડુંગળી વગેરે વેચી રહ્યા છીએ તેનાથી તો દેશ આગળ નહીં વધે.

ઈમરાન ખાને ભારતના વખાણ કરતા કહ્યું કે જે નવી ટેક્નોલોજીકલ રેવોલ્યુશન છે, આઈટીનું, હિન્દુસ્તાન તેમાં વીસ વર્ષ પહેલા ક્યાં હતું અને આજે તેની નિકાસ જુઓ અને આજે આપણને જુઓ. ગત સરકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે આપણી પાસે યુવા છે અને આપણી પાસે આટલી ક્ષમતા છે પરંતુ તેના પર ક્યારેય ધ્યાન અપાયું નથી. ખાને નિકાસને વધારવા માટે ચીન અને તુર્કીની મિસાલ આપતા કહ્યું કે આ દેશોએ ખુબ જ પ્લાન કરીને પોતાની નિકાસ વધારી છે.

ચીન વિશે ઈમરાન ખાને કહ્યું કે આપણા માટે એક ખુબ મોટા ફાયદાની વાત છે કે દુનિયાની સૌથી ઝડપથી આગળ વધી રહેલી અર્થવ્યવસ્થાવાળો દેશ આપણો પાડોશી છે. આપણી ૭૦ વર્ષ જૂની તેમની સાથે મિત્રતા છે અને સૌથી મોટી વાત એ છે કે તે દરેક પ્રકારના સહયોગ માટે તૈયાર છે. ખાને ગત સરકારો પર કટાક્ષ કરતા કહ્યું કે આપણી સમસ્યા જ એ રહી છે કે આપણે ક્યારેય તૈયાર ન રહ્યા. પોતાના સંબોધનમાં પાકિસ્તાની પીએમએ પોતાની સરકાર અને તેની કોશિશોના ખુબ વખાણ કર્યા. તેમણે કહ્યું કે જયારે આપણી સરકારનો કાર્યકાળ શરૂ થયો તો સૌથી પહેલા અમે જૂના મુદ્દાઓનો ઉકેલ લાવવા અને સ્થિરતા લાવવાની કોશિશ કરી. ત્યારબાદ ધીરે ધીરે ચીજોને સારી બનાવવાની દિશામાં કામ કર્યું. તેમણે કહ્યું કે આવનારા સમયમાં ચીનના પ્રવાસની પણ યોજના છે જો કે તેમણે કોઈ નિર્ધારિત તારીખ જણાવી નહીં.

ઈટાલીથી અમૃતસર આવેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ૧૨૫ મુસાફરો કોરોના પોઝિટિવ

નવીદિલ્હી, દેશમાં કોરોના મહામારીની ત્રીજી લહેર આવી ગઈ છે. આ દરમિયાન, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૦,૯૨૮ નવા કેસ નોંધાયા છે અને ૩૨૫ લોકોનાં મોત થયાં છે, જ્યારે એક્ટિવ કેસની સંખ્યા પણ ૭૧,૩૮૧ના વધારા સાથે ૨ લાખ ૮૫ હજાર ૪૦૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૯,૨૦૬ દર્દી સાજા થયા હતા. બીજી તરફ, જો દેશમાં અત્યારસુધીના કુલ કેસની વાત કરીએ તો ૩.૫૧ કરોડથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે, જેમાંથી ૪.૮૨ લાખ લોકોનાં મોત થયાં છે.

આપની આજ.....

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીજનોના સંપર્કથી સારી હૂંફ મળશે, વ્યવસાયના કામમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વધારો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સહકારી-સરકારી કામમાં સફળતા મળશે, નવા કરેલા કાર્યો ફળદાયી બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : જિદ્દી સ્વભાવના કારણે માનસિક ચિંતા જણાશે, આર્થિક બાબતોમાં સારો સુધારો જણાશે, સેવાકીય પ્રવૃત્તિથી મન પ્રસન્ન જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દામ્પત્યજીવનમાં અણબનાવોથી તકલીફ જણાશે, સંતાનોને માટે નવું કરવાની ઉત્તમ તક મળશે, શુભ કાર્યોમાં સફળતા મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાકીય કામકાજમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, ધંધામાં નવા સંબંધોમાં નિરાશા જણાશે, નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધૂરું જણાશે, જૂના સંબંધો ખાસ સાચવી લેવા જરૂરી છે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં સાધારણ ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : ભાગ્યબળથી અધૂરા કામ પૂરા થશે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે, જવાબદારીવાળા કાર્યોમાં ગતિ આવશે, મન પ્રસન્ન અને દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદ-વિવાદવાળા કામથી બચવું, આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે, ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : ભાઈભાંડુના સહકારથી કામમાં સફળતા મળશે, નવા કામની ઓફર અને પૈસા કમાવવાની તક મળશે, સંતાનો સાથે સમય વીતાવી શકશો, પાડોશી સાથેના સંબંધોમાં

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદમાં આજે ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાતા ખળભળાટ



દાહોદ,

દાહોદમાં આજે ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાતાં ખળભળાટ સાથે લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ૧૫ પોઝીટીવ કોરોના પોઝીટીવ કેસ દાહોદ શહેર વિસ્તારમાંથી સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ક્યાંકને ક્યાંક દાહોદ શહેરવાસીઓની લાપરવાહી કહો કે, સરકારની ગાઈડ લાઈનનું પાલન ન થતું હોવાને કારણે દાહોદમાં હવે કોરોના પ્રસરી રહ્યો છે. એક્ટીવ કેસનો કુલ આંકડો ૪૧ ને પાર થઈ ચુંક્યો છે.

આજે દાહોદમાં આરટીપીસીઆરના ૧૩૨૬ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૩૪૧ પૈકી ૦૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૫ કેસ પૈકી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૧ સામે આવ્યાં છે જ્યારે ૪ કેસ પૈકી ૨ દાહોદ ગ્રામ્ય અને ૨ ગરબાડામાંથી નોંધાયાં છે. દાહોદમાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. આજના ૧૨ પોઝીટીવ કેસો સાથે એક્ટીવ કેસની કુલ સંખ્યા ૨૬ પર પહોંચી જવા પામી છે. દાહોદ શહેરમાંથી એકસાથે ૧૫ કોરોના પોઝીટીવ કેસો સામે આવતાં દાહોદ શહેરવાસીઓમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. દાહોદ શહેરમાં આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો ખરીદી માટે ઉમટી પડી છે. જાહેરમાં સરકારની ગાઈડલાઈનનું છડેચોક ઉલ્લંઘન પણ થતો જોવા મળી રહ્યો છે. લોકો બેફીકર રીતે માસ્ક વગર પણ ફરતાં જોવા મળી રહ્યાં છે. સોશીયલ ડિસ્ટન્સનો પણ બજારોમાં અભાવ જોવા મળી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં બજારોમાં ભારે ભીડ પણ જોવા મળી રહી છે ત્યારે ક્યાંકને ક્યાંક દાહોદ શહેરવાસીઓની કોરોના સંક્રમણ પ્રત્યેની બેદકારી અને સરકારના નિયમોનું પાલન ન કરતાં હોવાને કારણે દાહોદમાં કોરોના છેલ્લા કેટલાંક દિવસોથી વકરી રહ્યો છે. આજના ૧૫ કોરોના પોઝીટીવ કેસોને પગલે આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. એક્ટીવ કેસની સંખ્યાં ૪૧ અને અત્યાર સુધી કુલ મૃત્યુઆંક ૩૩૯ નોંધાયો છે.

દાહોદમાં આજે ઝાયડસ હોસ્પિટલ ખાતે વધતાં કોરોના સંક્રમણના કેસોને ધ્યાનમાં રાખી કોવિડ–૧૯ આઈસીયુ કેર ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાહોદ ઝાયડસના સી.ઈ.ઓ.સંજયકુમાર, મેડીકલ સુપ્રિન્ટેન્ડટ ડૉ. ભરત હઠીલા, મોહીત દેસાઈ, કોવિડ નોડલ ઓફિસર ડૉ. કમલેશ નિનામા ને જનરલ મેનેજર પ્રકાશ પટેલ સહિત હોસ્પિટલના સ્ટાફ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

દાહોદ ગોવિંદનગર વિસ્તારની મેડીકલ સ્ટોર્સનું શટર ઉંચી કરી ૧.૧૨ લાખ રોકડની ચોરી કરી જતાં તસ્કરો

દાહોદ,

દાહોદ શહેરના ગોવિંદનગર વિસ્તાર ખાતે આર્શિવાદ હોસ્પિટલમાં આવેલ એક મેડીકલ સ્ટોરમાં તસ્કરોએ હાથફેરો કરી મેડીકલ સ્ટોરી શટર તોડી પ્રવેશ કરી રૂા. ૧,૧૨,૦૦૦ની રોકડ રકમ ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ શહેરમાં આવેલ અને ચોવીસ કલાક ધમધમતો એવો વિસ્તાર ગોવિંદનગર ખાતે આવેલ આર્શિવાદ હોસ્પિટલમાં આવેલ જી મેડીકલ સ્ટોરમાં ગત તા.૦૪ જાન્યુઆરીના રોજ રાત્રીના દશ વાગ્યા પછી કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમો મેડીકલ સ્ટોરમાં ત્રાટક્યાં હતાં અને મેડીકલ સ્ટોરની શટરની શટરની ઠેસી તોડી નાંખી મેડીકલ સ્ટોરમાં પ્રવેશ કર્યો હતો. મેડીકલ સ્ટોરના ડ્રોવરમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૧,૧૨,૦૦૦ની રોકડ રકમ તસ્કરો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે દાહોદ શહેરમાં રહેતાં જતીનકુમાર મોહનલાલ પ્રજાપતિએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ સહકાર નગર ખાતે ધડાકા સાથે શોર્ટ સર્કિટ થતાં લોકોમાં ભય

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ સહકાર નગર ખાતે આજરોજ વીજ લાઈનમાં એકાએક ધડાકા ભડાકા સાથે શોર્ટ સર્કિટ થતા સ્થાનિક લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

દાહોદ શહેરના સહકાર નગર ખાતે આવેલ એક વીજપોલ લાઈનમાં અગમ્ય કારણોસર ધડાકા–ભડાકા સાથે શોર્ટ સર્કિટ થવા લાગ્યા હતા. જેને પગલે સ્થાનિક લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. હાલ તો કોઈ પ્રકારની જાનહાની થવા પામી નથી પરંતુ વીજ લાઈનો તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવે તેવી સ્થાનિકોમા માંગણી ઉઠવા પામી છે. સ્થાનિક લોકો દ્વારા આ ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતારી લઈ સોશિયલ મીડિયામાં વાઈરલ પણ કર્યો હતો.

દાહોદના લક્ષ્મીનગર વિસ્તારમાં બોરીંગનું પાણી લાલ કલરનું નિકળતાં લોકોમાં ફફડાટ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ લક્ષ્મી નગર વિસ્તાર ખાતે બોરિંગનું પાણી લાલ કલરનું નીકળતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જાણવા મળ્યા પ્રમાણે નજીકમાં આવેલ એસ.ટી.પી પ્લાન્ટના કારણે બોરિંગનું પાણી દૂષિત થયાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

દાહોદ શહેરના લક્ષ્મીનગર વિસ્તાર ખાતે આજરોજ સ્થાનિક રહીશો પોતપોતાની બોરિંગની મોટર ચાલુ કરી પાણી ભરતા હતા. તે સમયે ધીમે – ધીમે ૬૦ ટકા જેટલા ઘરોમાં બોરિંગનું પાણી લાલ થયું હતું. લાલ કલરનું બોરિંગનું પાણી જોતાજ સ્થાનિકો અચંબામાં મુકાઈ ગયા હતા અને એકક્ષણે સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આ પાણી કઈ રીતે લાલ થઈ ગયું તેવા અનેક સવાલો હાલ લોકોમાં વહેતા થવા પામ્યા છે. પરંતુ જાણવા મળ્યા પ્રમાણે નજીકમાં બનેલ એસ.ટી.પી પ્લાન્ટના કારણે પાણી દૂષિત થયાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. પાણીના પરીક્ષણમાં લાઈટનું પ્રમાણ વધારે આવતાં સ્થાનિક લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે આ પાણી પીવા માટે જોખમકારક હોવાનું પરીક્ષણમાં સામે આવ્યું છે.

લીમખેડાના દાંતિયા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ગેરરિતી આચરાયાના આક્ષેપ સાથે રજુઆત

લીમખેડા,

લીમખેડા તાલુકાના દાંતિયા ગ્રામ પંચાયતમાં ૧૫માં નાણાંપંચ સહિત વિવિધ યોજના અંતર્ગત કરાયેલ વિકાસના કામોમાં મોટાપાયે ગેરરિતી આચરાઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનો જિલ્લા વિકાસ અધિકારી દાહોદ સહિત ઉચ્ચસ્તરે લેખિત રજુઆતો કરી તપાસ થાય તેવી માંગણી કરવામાં આવી છે.

દાંતિયા ગ્રામ પંચાયતમાં તાજેતરમાં ૧૫માં નાણાંપંચ અંતર્ગત વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા હતા ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા મળી રહે તેવા હેતુસર ગ્રામ પંચાયતના વિવિધ લાભાર્થીઓને હેન્ડપંપ મુકી આપવામાં આવ્યા હતા.સરકફબારના ધારાધોરણ નકકી કરેલ સ્થળ પ્રમાણે મુકવાના હતા જયારે ઉંડાઈ સુધી બોર કરવામાં નહિ આવતા તેમજ બોર ઉપર હેન્ડપંપના માથાં ફિટ કરી દેવામાં આવતા પાણી પણ આવતુ ન હોવાની ગ્રામજનો દ્વારા બુમો ઉઠવા પામી હતી.

દાંતિયા ગ્રામ પંચાયતના શૈલેષભાઈ મસુરભાઈ ડામોર, મુલા રલિયા ડામોર, સહિત ફળિયાના પરિવારોએ વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ યોગ્ય પગલા ભરવા કાયદેસરના પગલા ભરવા જિલ્લા વિકાસ અધિકારી દાહોદને એક લેખિતમાં અરજી આપી હોવાનુ જાણવા મળ્યુ છે.

દેવગઢ બારિયા તાલુકાના દેગાવાડા ગામે બે બાળકો સાથે કુવામાં ઝંપલાવી મોતને વહાલું કર્યું જેમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાએ જીવન ટૂંકાવ્યું હોવાની ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારીયાના દેગાવાડા ગામે પરિણીતાએ બે બાળકો સાથે કુવામાં ઝંપલાવી જીવન ટૂંક આવવાના પ્રકરણમાં પરિણીતાના પિતાએ સાસરિયાના ત્રાસથી પગલું ભર્યાની ફરિયાદ એક સાથે ત્રણ નનામી ઉઠતાં ગામમાં ગમગીની છવાઈ પોલીસે ફરિયાદના આધારે પરિણીતાના પતિને જેલના હવાલે કર્યો.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના દેગાવાડા ગામે બે બાળકો સાથે પરિણીતાએ કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવી લેવાના પ્રકરણમાં પરણિતા મીનાક્ષી બળવંત ભાઈ હરીજન ઉં વર્ષ ૩૦ ના લગ્ન સંદીપભાઈ પ્રતાપભાઈ હરીજન સાથે ૧૨ વર્ષ અગાઉ લગ્ન થયા હતા જેમાં વસ્તાર માં એક પુત્રી અનસુયા ઉ વર્ષ ૬ તેમજ પુત્ર ભાવિક ઉ વર્ષ ૪ એમ બે બાળકો હતા ત્યારે એક વર્ષ અગાઉ મીનાક્ષી વિષયની રિસાઈ ને તેના પિયર સાગટાળા ગામે તેના પિતાના ઘરે જતી રહેલી તે વખતે તેના પિતા બળવંતસિંહ મંગાભાઈ હરિજને મીનાક્ષી ને પૂછતાં મીનાક્ષીએ જણાવેલ કે મારો પતિ સંદીપ છોકરાઓની બાબતે ઝઘડો તકરાર કરે છે અને સાસુ–સસરા પણ છોકરાઓને કેમ મારે છે તેમ કહી અવારનવાર ઝઘડો તકરાર કરતા હતા જેથી તેનું ઘર સંસાર ના તૂટે તે માટે તે વખતે બંને ગામની પંચ રાહે નિકાલ કરી મીનાક્ષીને તેના સાસરીમાં મોકલી આપી હતી તે પછી મીનાક્ષી સાથે તેનો પતિ સંદીપ તેમ જ તેના સાસુ–સસરા દ્વારા અવારનવાર ઝઘડો તકરાર કરતા હોવાનું મીનાક્ષીએ તેના પિતાને જણાવેલ ત્યારે ગત તારીખ ૪ ના રોજ મીનાક્ષી તેમજ તેના પતિ સંદીપ વચ્ચે વહેલી સવારે દૂધ ને લઈ ઝઘડો થતાં મીનાક્ષી બંને બાળકો સાથે ઘરેથી નીકળી જઈ બંને બાળકોને લઈ કુવામાં ઝંપલાવી આયખું ટુકાવી લેતા મીનાક્ષીના પિતાએ તેનો પતિ સંદીપ સસરા પ્રતાપભાઈ તેમજ સાસુ શારદાબેન વિરૂદ્ધ મીનાક્ષી સાથે અવારનવાર ઝઘડો તકરાર કરી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સાસુ સસરા વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી મીનાક્ષી ના પતિ સંદીપ પ્રતાપ હરિજનને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી.

દાહોદ જીલ્લાના માં કાર્ડ કાઢી આપતા કોમ્પ્યુટર ઓપરેટરોનું મહેનતાણું ક્યારે ચુકવાશે...?

દે.બારીઆ,

દાહોદ જીલ્લામાં પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્યમાન માં વાત્સલ્ય કાર્ડ માટે એક મોટું અભિયાન હેઠળ ગરીબ પરિવારોને તમામ વ્યકિતગત મુજબ નિઃશુલ્ક સારવાર લઈ શકે તેના માટે ગુજરાતની ગતિશીલ સરકારે એક મોટી ઝુંબેશના સ્વરૂપ વધુમાં વધુ વ્યકિતઓ આ યોજનાનો લાભ લઈ શકે તેના માટે દરેક તાલુકા વાઈઝ બે થી ત્રણ કોમ્પ્યુટર ઓપરેટરો કોન્ટ્રાકટ બેજ ઉપર કાર્યરત રહ્યા છે. તેમના ચાર–ચાર માસથી મહેનતાણુંના ચુકવાતા તેમની હાલાત કફોડી બનેલી છે.

મળતા સૂત્રો મુજબ દાહોદ જીલ્લાના દે.બારીઆ સહિત છ તાલુકામાં ૧૫ થી ૧૬ કોમ્પ્યુટર ઓપરેટરો આ યોજના કાર્ય માટે લાગેલા છે. અત્યાર સુધીમાં ૪.૧૨ લાખ થી વધુ લાભાર્થીઓના આયુષ્યમાન કાર્ડ બનાવી ચુકયા છે. આટલી મોટી કામગીરી કરતા ઓપરેટરોને ચાર–ચાર માસથી કોન્ટ્રાકટરે મહેનતાણું આપ્યું નથી શું કોન્ટ્રાકટરે પોતાના ટેન્ડરની શરતો મુજબ બીલ લીધું નઈ હોય આ લોકોનું ઘર સંસાર કેવી રીતે ચલાવશે તે મોટો સવાલ છે. શું આ લોકોને ભ્રષ્ટાચાર કરવા માટે કોન્ટ્રાકટર મજબુર કરી રહ્યા છે. જો કોન્ટ્રાકટર પગાર અથવા મહેનતાણું ના આપે તો આ લાભાર્થીઓ પાસેથી નાણાં લેશે તે માટે જવાબદાર કોણ તે એક મોટો સવાલ છે. આ ઓપરેટરોનું કોન્ટ્રાકટર દ્વારા કોઈ જ પગાર નકકી કરવામાં આવ્યો નથી શું ? સરકારી યોજનાના કાર્યમાં આવું અંધેર છે ?

જેથી દાહોદ જીલ્લાના આરોગ્ય અધિકારી આ બાબતે કોન્ટ્રાકટર પાસે ખુલાસો માંગે કે કાર્યરત ઓપરેટરોનું મહેનતાણું કેટલું નકકી કર્યુ છે. ત્યારબાદ તેમનું છેલ્લા ચાર માસનો પગાર અથવા મહેનતાણું વહેલી તકે ચુકવવા માટે આદેશ જારી કરે નહિ તો આમ ગરીબ પ્રજા માટે જે નિઃશુલ્ક સારવાર માટે જોડાયેલા ઓપરેટરો કાર્ય નહીં કરે તો ગરીબ જનતાની મુશ્કેલીઓમાં વધારો થવા પામશે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

લીમખેડા હાઈવે ટ્રકનું ટાયર ફાટતા અકસ્માત પીકઅપને ટકકર થતાં ત્રણ વ્યકિતને ઈજાઓ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે વિજય હોટલ નજીક અમદાવાદ–ઈન્દોર નેશનલ હાઈવે ઉપર અકસ્માત સર્જાયો છે. દારૂની ખાલી બોટલો ભરેલી ટ્રકનુ ટાયર ફાટતા ટ્રકે શાકભાજી ભરેલી પીકઅપને ટક્કર મારતા અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમા ત્રણ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતા તેઓને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમા ખસેડવામા આવ્યા છે. એક વ્યકિત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે દાહોદ ખસેડવામા આવ્યો છે. આ અકસ્માતની ઘટનાની જાણ લીમખેડા પોલીસને થતા પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો જ્યારે અન્ય ત્રણ જેટલા વ્યક્તિઓને ઈજાઓ થયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના વાવ લવારીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૭મી ડિસેમ્બરના રોજ બે છક્કડા સામ સામે આવી જતાં માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેને પગલે એક છક્કડામાં સવાર ચાલક સહિત ચાર જણાને શરીરે ઈજાઓ પહોંચવા પામી હતી જેમાં ચાલક બહાદુરસિંહ (રહે. કાટું, તા. ધોઘંબા, જિ.પંચમહાલ) અને તેના છક્કડામાં સવાર સવલીબેન શકરાભાઈ બારીયા, બોડીબેન પારસીંગભાઈ બારીયા વિગેરેને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. જેમાં બહાદુરસિંહને ગંભીર ઈજાઓને પગલે તેઓને અમદાવાદની સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવાર દરમ્યાન તેઓને મોત નીપજતાં આ સંબંધે મૃતકના પિતા હિંમતભાઈ રૂપાભાઈ રાઠવા દ્વારા સાગટાળા પોલીસ મથકેફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના રવાળીખેડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૪ જાન્યુઆરીના રોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં ગોવાળી ગામે આજુણ ફળિયામાં રહેતાં રાજેશભાઈ લદ્દુભાઈ સંગાડા પોતાના કબજાની ઈનોવા ફોર વ્હીલર ગાડી લઈ રવાળીખેડાથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન ગાડીની વધુ પડતી ઝડપના કારણે ઈનોવા ફોર વ્હીલર ગાડી પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી અને રાજેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેઈ ઈજાઓ થતાં તઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતાં તેઓને સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે ગોળાળી ગામે રહેતાં લદ્દુભાઈ કાનજીભાઈ સંગાડીયાએ ક્તવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ઉસરવાણ ગામે શ્રી સાંઈ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું

દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સાઈ ક્રિકેટ ટુર્નામેન્ટ ટિડોરી દ્વારા ક્રિકેટ નું આયોજન કરાયું ઉદઘાટન કરવામાં આવ્યું. પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી દાહોદ એપીએમસીના ચેરમેન કનૈયાલાલ કિશોરી, પૂર્વ જિલ્લા ભાજપના અધ્યક્ષ જિલ્લા પંચાયતના સભ્ય સુધીરભાઈ લાલપુરવાળા, દાહોદ તાલુકા ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ ખચ્ચર, તાલુકા પંચાયતના આપણા આગેવાનો વિજયભાઈ પરમાર ગામના યુવા સરપંચ અનિલભાઈ કિશોરી, ભારતીય જનતા પાર્ટીના આગેવાન રાજેશભાઈ ભાભોર, રાકેશભાઈ પ્રજાપતિ, હિમાંશુભાઈ પંચાલ, યુવા મોરચાના શહેર અને તાલુકાના કાર્યકર્તાઓ ક્રિકેટના તમામ ટીમની ખેલાડી ઉપસ્થિત રહ્યા.

દાહોદની ૧૭ વર્ષીય અમતુલ્લાહ જણાવે છે કે, વેક્સિન સંપૂર્ણ સલામત છે

દાહોદ,

અત્યાર સુધીમાં જિલ્લાના ૩૩૦૫૧ તરૂણોએ વેક્સિન લીધી, ખૂબ જ ટૂંકા ગાળામાં ૪૧.૬૯ ટકા લક્ષ્યાંક હાંસલ.

દાહોદ જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના તરૂણોમાં કોરોનાની વેક્સિન લેવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાહોદ નગરની ૧૭ વર્ષની અમતુલ્લાહ સૈફીભાઈ લીમડીવાલાએ વેક્સિન લીધા બાદ સૌ સમવયસ્કોને વેક્સિન લેવા માટે અપીલ કરી હતી. તેણીએ જણાવ્યું કે, કોરોનાની સંભવિત લહેર સામે આ વેક્સિન અસરકારક બચાવ બનશે. મેં આ વેક્સિન લીધી છે અને તે સંપૂર્ણ સલામત છે. સૌ ૧૫ થી ૧૮ વર્ષના તરૂણોએ કોરોનાની વેક્સિન લેવી જોઈએ.

દાહોદ જિલ્લામાં ઉકત વયમાં આવતા ૭૯૨૭૨ તરૂણોને વેક્સિન આપવા માટેનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેમાંથી તા. ૬ ડિસેમ્બર વહેલી સવાર સુધીના આંકડા જોઈએ તો કુલ ૩૩૦૫૧ તરૂણોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. એટલે કે ખૂબ જ ટૂંકા ગાળામાં ૪૧.૬૯ ટકા લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ૧૫ થી ૧૮ વર્ષના તરૂણોને કોરોનાની વેક્સિનનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે ત્યારે સૌ આ વયમાં આવતા તરૂણો પહેલ કરે અને વેક્સિન મુકાવે એ કોરોના સામેની સુરક્ષા માટે જરૂરી છે. વેક્સિન કોરોના સામેનો રામબાણ ઉપાય છે.

૧૫ થી ૧૮ વર્ષના તરૂણોને કોવેક્સિન વેક્સિન જ આપવામાં આવી રહી છે. આ માટે તરૂણો ભજ્ઞશક્ષ પર ઓનલાઈન નોંધણી પણ કરાવી શકે છે. વર્ષ ૨૦૦૭ અને તેના પહેલા જન્મેલા તમામ બાળકો કોવિડ –૧૯ વેક્સિન માટે પાત્રતા ધરાવે છે. વેક્સિનેટર દ્વારા લાભાર્થીઓનું સ્થળ પર પણ નોંધણી કરવામાં આવી રહી છે. આ વયમાં આવતા તરૂણો ઓનલાઈન અને ઓનસાઈટ અપોઈમેન્ટ બુક કરી શકે છે.

ફતેપુરા કોંગ્રેસ દ્વારા કોરોનામાં મૃત્યુ પામેલાના પરિવારને વળતર ચૂકવવા મામલતદારને આવેદન આપી ઉગ્ર રજૂઆત કરી

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ભુરીબા પાર્ટી પ્લોટ ખાતે નવનિયુક્ત કોંગ્રેસ સરપંચો નો સન્માન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ કોરોના મહામારીમાં જીવ ગુમાવનારાના પરિવાર ને સરકાર દ્વારા સહાય ૫૦ હજાર આપવામાં આવે જે ચાર લાખ રૂપિયા આપવા માટે ફતેપુરા મામલતદાર માં આવેદન પત્ર એનાયત કરવા માં આવ્યું હતું. ફતેપુરા ભૂરીબા પાર્ટી પ્લોટ થી ફતેપુરા મામલતદાર કચેરી ખાતે રેલી કાઢી સરકાર વિરોધી દયાહીન સરકાર, ન્યાય હમ દિલકે રહેંગે ચાર લાખ લેકે રહેંગે જેવા અનેક સૂત્રોચાર વચ્ચે રેલી ફતેપુરા મામલતદાર કચેરી એ પહોંચી હતી.

ભાજપ સરકાર પોતાના ખર્ચા મંત્રી ઓ નવી ગાડી ઓ હેલિકોપ્ટર વગેરે ખરીદી બંધ કરી કોરોના કાળ માં મૃત્યુ પામેલા ને સહાય ચૂકવે તેવી માંગ સાથે સરકાર નો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમજ મામલતદારે પણ જણાવ્યું હતું કે તમારી રજુઆત ને સરકાર સમક્ષ રજૂ કરવા ખાતરી આપી હતી. આ પ્રસંગે દાહોદ જિલ્લા પ્રમુખ દર્શનભાઈ નિનામા,ફતેપુરા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હરસિંગભાઈ મછાર, જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ રઘુભાઈ મછાર, પુર્વ સાંસદ પ્રભાબેન તાવિયાડ,પુર્વ જિલ્લા પંચાયત પ્રમુખ કિશોર તાવિયાડ,પુર્વ પ્રમુખ ગોવિંદભાઈ પરમાર,દાહોદ જિલ્લા મહામંત્રી ઘનશ્યામભાઈ મછાર,દાહોદ જિલ્લા લઘુમતી મોરચા પ્રમુખ આસિફ સૈયદ, નવ નિયુક્ત ફતેપુરા યુથ કોંગ્રેસ ૧૨૯ વિધાનસભા કલ્પેશ બરજોડ તેમજ નવ નિયુક્ત સરપંચ મનીષાબેન મિતેસભાઈ કટારા ,લલીતાબેન શાંતિલાલ ભાભોર,કમળાબેન રમેશભાઈ મછાર,ગોવિંદભાઈ દલાભાઈ પરમાર તેમજ ફતેપુરા તાલુકાના કોંગ્રેસ ના કાર્યકર્તા ઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.

દાહોદમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી માટેની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતેના સભાખંડમાં યોજાઇ હતી. બેઠકમાં કોરોનાની સ્થિતિ તેમજ રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સ્થળ, વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉજવણીમાં કયા વિભાગ દ્વારા ટેબ્લો નિર્દેશન કરવામાં આવશે તે નક્કી કરાયું હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગો પાસે આવતી કામગીરી અને જવાબદારી વિશે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમના સ્થળ વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ સ્થળ પસંદગી કરવામાં આવશે. બેઠકમાં નાયબ વન સંરક્ષક આર.એમ.પરમાર, ડીઆરડીએ નિયામક સી.બી. બલાત, એએસપી વિજયસિંગ, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, પ્રાંત અધિકારી દાહોદ, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.116

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

કોરોના ની ત્રીજી લહેરનો આરંભ : પંચમહાલમાં ત્રીજા દિવસે પણ ૧૮ કેસ પોઝીટીવ

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજરોજ ૧૮ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. હાલમાં જીલ્લામાં ૬૧ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્રણ વ્યકિતઓને કોરોના મુકત થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસ થી કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. જે ચિંતાનો વિષય બન્યો છે. માંડ માંડ સામાન્ય બનેલ માહોલમાં અચાનક બદલાવ આવતો જોવા મળી રહ્યો છે. કોરોના કેસ ઘટનાની સાથે લોકો જાણે કોરોના હોય જ નહિ તે રીતે વર્તી રહ્યા હતા. તેવા લોકો માટે લાલબત્તી સમાન છે. દેશ અને રાજયમાં ત્રીજી કોરોના લહેરની તબીબો ચિંતા સતત રાખીને સર્તક રહેવા સુચનો કરતા હોય છે. તેમ છતાં લોકો માસ્ક અને સોશ્યલ ડીસ્ટનન્સનું પાલન ભુલ્યા છે. તેવા લોકોએ માસ્ક અને સોશ્યલ ડિસ્ટનન્સનું પાલન કરે તે જરૂરી છે.



- જીલ્લામાં ૬૧ એકટીવ કેસ.
- ૩ દર્દીઓને રજા અપાઈ.
- બે ખાનગી તબીબો કોરોના પોઝીટીવ થયા.

પંચમહાલ જીલ્લામાં ત્રીજા દિવસે પણ કોરોના સંક્રમણના ૧૮ પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૧૩, હાલોલ-૦૩, કાલોલ-૦૧, ઘોઘંબા-૦૧ પોઝીટીવ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં હાલ કોરોના એકટીવ કેસની સંખ્યા ૬૧ પર પહોંચી છે. જ્યારે ૩ દર્દી કોરોના સંક્રમણ માંથી મુકત થતાં રજા આપવામાં આવી છે. જીલ્લા સહિત ગોધરા શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણને જોતાં આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને માસ્ક, સોશ્યલ ડીસ્ટનન્સ સાથે કોરોના વેકસીન બાકી હોય તો લેવા સલાહ આપવામાં આવી છે. સાથે કોરોના ટેસ્ટીંગ વધારવામાં આવ્યું છે. આજરોજ જીલ્લામાં ૧૮ વર્ષથી ઉપરની વયના ૫૯૦૧ વ્યકિતઓને કોરોના વેકસીનનો પ્રથમ અને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૧૫ થી ૧૮ વર્ષની વયના ૩૧,૬૯૦ તરૂણોને કોરોના થી સુરક્ષીત કરવા માટે વેકસીનનો ડોઝ આપવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ કોરોના કેસ

ગોધરા	૧૩
હાલોલ	૦૩
કાલોલ	૦૧
ઘોઘંબા	૦૧

ગોધરાની નર્સીંગ સ્કુલની ૩ વિદ્યાર્થીનીઓ કોરોના પોઝીટીવ આવતાં ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓનું સ્કેનીંગ અને કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નર્સીંગ વિદ્યાર્થીઓના ટેસ્ટીંગમાં ૧૪ વિદ્યાર્થીઓને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં વિદ્યાર્થીઓને નર્સીંગ સ્કુલમાં હોમ આઈસોલેશન કરવામાં આવી છે.

ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. આરોગ્ય વિભાગની ચિંતા વધારી છે. આજરોજ ગોધરામાં ૧૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાય છે. જેમાં બે ખાનગી તબીબો કોરોના પોઝીટીવ આવ્યા છે. ત્યારે હવે કોરોના પ્રત્યે ગંભીર બનીને માસ્ક અને સોશ્યલ ડીસ્ટનન્સનું પાલન કરીએ તે જરૂરી છે.

ગોધરા બસ સ્ટેશન પાસેથી અપહરણ કરાયેલી ૭ વર્ષીય બાળકીને ગણતરીના કલાકોમાં ઝડપતી પોલીસ

ગોધરા, પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે બુધવાર ના રોજ થયેલ ૭ વર્ષની બાળકીના અપહરણના આરોપીને પોલીસે ગણતરિના કલાકોમાં ઝડપી પાડ્યો.સંતાન ન હોય બાળકીનું અપહરણ કર્યા ની આરોપી એ કબૂલાત કરી હતી.

પંચમહાલ જિલ્લાના શહેરા ના રહીસ દાદા અને પૌત્રી ગોધરા ખાતે કામ અર્થે આવ્યા હતા. જ્યાં લાલબાગ બસસ્ટેન્ડ વિસ્તારમાં એક લાલ કલરની પલ્સર મોટર સાયકલ લઈને આવેલા અજાણ્યા ઈસમ એ દાદા અને પૌત્રીને લિફ્ટ આપવાના બહાને પોતાની મોટર સાયકલ પર બેસાડયા હતા. ત્યાર બાદ શહેરા તરફ જવાના માર્ગ પર જતાં એસ.આર.પી નગર પાસે આવેલા મીનાક્ષી ગ્રીન પાસે બાળકીના દાદાને ધક્કો મારી નીચે પાડી દેવામાં આવ્યા હતા અને અપહરણ ના ઈરાદે આવેલ અજાણ્યો બાઈક સવાર બાળકીને લઈને ફરાર થઈ ગયો હતો. આ તરફ મોટર સાયકલ પરથી નીચે પટકાતા વૃદ્ધ ને માથાના ભાગે ઈજા પહોંચી હતી ઘટનાને પગલે રાહદારી મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત વૃદ્ધ ને રીક્ષા ચાલકે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેને લઈ બનાવ ની જાણ થતા જ જિલ્લા પોલીસ પણ હરકત માં આવી હતી ઘટનાની ગંભીરતા જોતા પોલીસે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ને એલર્ટ કરી એલ.સી.બી, એસ. ઓ.જી. સહીત અલગ અલગ પાંચ જેટલી ટિમો બનાવી આરોપીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. બનાવ સ્થળ સહિત આસપાસના સી.સી ટી.વી ફૂટેજ ના માધ્યમ થી તપાસ શરૂ કરી હતી. દરમિયાન આરોપી રોશન ઉર્ફે નાનાભાઈ ચૌહાણ બાળકીને લઈ ગોધરા સ્થિત દેવ તલાવડી મુકામે પોતાના ઘરે છુપાયો હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસ ટીમે આરોપી ને અપહરણ કરેલ ૭ વર્ષ ની બાળકી સાથે ઝડપી પાડ્યો હતો.જિલ્લા પોલીસવડા ડો લીના પાટીલ ના સીધા માર્ગ દર્શન હેઠળ સમગ્ર ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેના કારણે આરોપી ને ગણતરીના કલાકોમાં ઝડપી માસુમ બાળકી ને અપહરણ કર્તા ના ચૂંગલ માંથી હેમખેમ બચાવી લેવામાં આવી હતી.

આ તરફ ઝડપાયેલા આરોપીની પૂછતાછ કરતા ચોકાવનારી હકીકત સામે આવી હતી. આરોપી રોશન ઉર્ફે નાનાભાઈ નટવર મોતીભાઈ ચૌહાણને સંતાન ન હોવાના કારણે બાળકી નું અપહરણ કર્યું હતું. જોકે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરવાતો હોવાની હકીકત પણ સામે આવી છે.

શહેરા પોલીસ મથક વિસ્તારમાં પણ આ પ્રકારે સિનિયર સિટીજનને આંતરિ લૂંટ કરવાના મામલો બે ગુના નોંધાયેલ છે. હાલ સમગ્ર મામલે પોલીસે આરોપી સામે લૂંટ અને અપહરણ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોધરા-દાહોદ હાઈવે ઉપર નવી નાખેલ સ્ટ્રીટ લાઈન બંધ રહેતા વાહન ચાલકો પરેશાન

ગોધરા, ગોધરા શહેરમાંથી પસાર થતા દાહોદ હાઈવે રોડ પર તાજેતરમાં નાખવામાં આવેલી નવીન સ્ટ્રીટલાઈટો પૈકીની અમુક સ્ટ્રીટલાઈટો રાત્રી દરમ્યાન બંધ રહેતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે બંધ રહેતી સ્ટ્રીટલાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે તેવી માગણી સ્થાનિકોમાં ઉઠવા પામી છે.

સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે લાખો રૂપિયાનો ખર્ચ કરી સંસાધનો ઉભા કરવામાં આવે છે પરંતુ આ સંસાધનોની નિયમિત જાળવણી નહીં કરવામાં આવતા લાખો રૂપિયાનો ખર્ચ વ્યર્થ જતો હોય છે અને નાગરિકોને હાલાકી ઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે ગોધરા શહેરમાં થી પસાર થતા દાહોદ હાઈવે રોડ પર તાજેતરમાં વાહનચાલકો અને રાહદારીઓને તકલીફ ના પડે તે માટે સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે. ગોધરા થી પરવડી ચોકડી સુધીના દાહોદ રોડ પર સ્ટ્રીટલાઈટો નાખવામાં આવી છે. જે માટે તંત્રએ લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે પણ અમુક વખત સ્ટ્રીટલાઈટો પૈકી ની અમુક લાઈટો રાત્રી દરમ્યાન બંધ રહેતા જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. તેમાંય વિશેષ કરીને સિનિયર સિટીઝનોને અંધારાના કારણે ભારે તકલીફ પડી રહી છે. ત્યારે લોકોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ તંત્ર દ્વારા બંધ લાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે તેમજ આ લાઈટોની યોગ્ય જાળવણી કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે તો બીજીબાજુ આ મામલે માર્ગ અને મકાન વિભાગના અધિકારી સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, હાઈવે પરની લાઈટોનું વીજબીલ પંચાયતમાં આવતું હોવાથી વીજબીલ ઓછું આવે તે માટે લાઈટો બંધ રાખવા પંચાયતના સત્તાધીશો ધ્વારા જણાવવામાં આવે છે. ત્યારે સવાલ એ થાય કે રાત્રી દરમ્યાન હાઈવે પર કોઈ અકસ્માત સર્જાય તો તે માટે જવાબદાર કોણ? જેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે.

ગોધરા તાલુકાના સારંગપુર ગામની ૨૭ વર્ષીય મહિલાનું બળી જવાથી મોત

ગોધરા, ગોધરા તાલુકાના સારંગપુર ગામે રહેતી ૨૭ વર્ષીય મહિલા એ પોતાના ઘરે શરીરે સળગવીને મરણ ગયેલ હોય આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના સારંગપુર ગામે રહેતી ઉર્મીલાબેન પ્રવિણભાઈ ગલાભાઈ નાયક ઉ.વ.૨૭ એ કોઈ કારણોસર પોતાના ઘરમાં સળગી જતાં શરીરે ગંભીર રીતે દાજી ગયેલ હોય જેને લઈ મોત થતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરાના રૂપણપુરા ગામની સરકારી જમીનમાં દબાણ દુર કરવા ગ્રામજનોની રજુઆત

ગોધરા, ગોધરા તાલુકાના રૂપણપુરા ગામે સરકાર થયેલી જમીનમાં ખાનગી વ્યકિત દ્વારા કરવામાં આવેલા દબાણને દુર કરી તાત્કાલિક સરકાર હસ્તક કબ્જો લેવા ગ્રામજનોએ આજ રોજ જિલ્લા કલેકટર ને સામૂહિક લેખિત રજૂઆત કરી હતી.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગોધરા તાલુકાના રૂપણપૂરા ગામમાં વિવિધ ખાતા નંબર અને સર્વે નબરો વાળી જમીનોના રેવન્યુ રેકર્ડ સરકાર દ્વારા કરવામાં આવેલા હુકમની ફેરફાર નોંધ પાડી છે અને તે રેવન્યુ ફેરફાર નોંધ પ્રમાણિત નોંધ થી જમીનો સરકાર હસ્તક લેવામાં આવી છે અને તેની અસર સરકાર તરીકેની આપવામાં આવી છે. તેમ છતાં જમીન વેચાણ થી રાખી કાયદાનો ભંગ કરનાર ખાનગી ઈસમ દ્વારા ફ જમીન ઉપર ગેરકાયદેસર કબ્જો જમાવી રાખવામાં આવ્યો છે અને હાલ કામકાજ પણ ચાલુ છે. આમ, બિન હકકે ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યું છે. અનઅધિકૃત કબજેદારને તાત્કાલિક સ્થળ ઉપર દૂર કરવા માટે અમે ગ્રામજનો સામૂહિક રજૂઆત કરી રહ્યા છે. ત્યારે ગ્રામજનોએ જણાવ્યું હતું કે, જમીન વેચાણ રાખનાર વ્યકિત પૈસાપાત્ર હોય રાજકીય પીઠબળ ધરાવે છે.

પંચમહાલ જીલ્લા કોંગ્રેસ માઈનોરીટી સેલના જુના કોંગ્રેસીઓને ન લેવાતા નારાજગી : રાજીનામા આપવાની ચિમકી

ગોધરા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસમાં ભડકો થવા પામ્યો છે. પાર્ટીના માઈનોરિટી ડિપાર્ટમેન્ટ હોદેદારોનું નવું લીસ્ટ સોશિયલ મીડિયાના માધ્યમથી જાહેર કરી મૂળ જૂના કોંગ્રેસીઓને ના લેવાતા કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે અને તેઓએ જિલ્લા પ્રમુખને લેખિત રજૂઆત કરી છે કે, આ નવા લિસ્ટમાં યોગ્ય અને કાબેલ વ્યકિતઓને હોદ્દા આપવામાં નહિ આવે તો કાર્યકરો સામૂહિક રાજીનામા આપવાની ચીમકી ઉચ્ચારી છે.

જેમાં તા.૫.૧.૨૦૨૨ના રોજ લઘુમતી કોંગ્રેસના હોદેદારોનું જે લીસ્ટ સોશિયલ મીડિયામાં જાહેર કરવામાં આવ્યું છે. જે સંપૂર્ણ અવિચારી બિનસમજથી જિલ્લાના હોદેદારો સેન્સ લીધા વિના તેમજ કોઈપણ ચર્ચા વિચારણા કર્યા વગર પાર્ટીને નુકશાન થાય તેમજ આગામી દિવસોમાં આવનારી વિધાનસભા, લોકસભા અને વિવિધ ચૂંટણીઓમાં પાર્ટીને નુકશાન થાય તેવી શકયતાઓ રહેલી છે. ત્યારે વહેલામાં વહેલી તકે આ લિસ્ટમાં સુધારો નહિ કરવામાં આવે તો પાર્ટીના હોદેદારો અને કાર્યકરોએ જિલ્લા પ્રમુખને સામૂહિક રાજીનામા આપવાની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય લેવા રજૂઆત કરવામાં આવી છે.

વડાપ્રધાનના કાફલા રોકવા ષડયંત્રના વિરોધ અને વડાપ્રધાનનું દીર્ઘ આયુષ્ય માટે પંચમહાલ ગોધરા ભાજપે પૂજા અર્ચના કરી

ગોધરા, પંજાબમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને તેમના કાફલા ઉપર પ્રાણઘાતક હુમલાના ષડયંત્રના નિંદનીય પ્રયાસની સામે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ શિવાલયોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના દીર્ઘ આયુષ્યની અર્ચના નિમિત્તે મહા મૃતુંજય મંત્રો જાપનો કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લા સંગઠનના તમામ પદાધિકારી, વિવિધ મોરચાના હોદેદારો, શહેર, તાલુકા સંગઠનોના પદાધિકારી, તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

ગોધરાના બાવાની મઢી ખાતે આવેલ શિવ મંદિર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પંજાબની કોંગ્રેસ સરકારનો વિરોધ કરતા સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર જિલ્લામાં તમામ મંડલમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ આ પ્રકાર ના કાર્યક્રમ આપ્યા હતા. જેમાં વડા પ્રધાન નરેંદ્ર મોદીના દીર્ઘાયુ માટે મહા મૃત્યુંજય ના જાપ કરવા માં આવ્યા હતા.

ગોધરા પોલીસ હેડ કવાટર્સ પ્રા.શાળાના બિલ્ડીંગ પ્રશ્ને ધારાસભ્ય દ્વારા શિક્ષણ મંત્રીને રજુઆત

ગોધરા, ગોધરા શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવેલ પ્રાથમિક શાળાના બિલ્ડિંગ પ્રશ્ને ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા વાલીઓને સાથે રાખીને શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી.

ગોધરા શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલ સરકારી કુમાર અને કન્યા શાળા અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાનો મામલો, શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીને મળી સમગ્ર મામલે રજુઆત કરી હતી. રજૂઆતના પગલે ધારાસભ્ય સી.કે.રાઉલજીએ સમગ્ર મામલે વાલીઓને સાથે રાખી શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીને રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર મામલે જરૂર પડે સીએમને પણ મળી રજુઆત કરી કાર્યવાહી કરવામાં આવશે તેમ ધારાસભ્ય સી કે રાઉલજી એ જણાવ્યું હતું.

ગોધરાના વીજ ગ્રાહકે વીજબિલના નાણાં નહિ ભરતા વસુલાત માટે રિક્ષા જપ્ત કરાઈ

ગોધરા, ગોધરાના બહારપુરા વિસ્તારમાં રહેતા કમલેશભાઈ રાવજીભાઈ ચૌહાણે વીજ કંપનીના બિના નાણાં ન ભરતા એમજીવીસીએલ કંપનીના કર્મીઓ બકી વીજબિલના નાણાં ભરવાનુ કહેવા છતાં બાકી વીજબિલના નાણાં ભરતા ન હતા. જેથી વીજ કંપનીએ ગોધરાના બીજો એડી સિવિલ જજ.ડી.એમ.પરમારની કોર્ટમાં વીજ કનેકશનના બાકી નાણાંની વસુલાત કરવા કેસ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં આ બાબતે કેસ ચાલી જતા કોર્ટે બાકી નાણાંની વસુલાતનો હુકમ કરતા કોર્ટ બેલીફે એમજીવીસીએલના કર્મચારીઓને સાથે રાખીને વીજબિલના રૂ.૨૯૨૧૯ની વસુલાત કરવા બાકીદાર કમલેશભાઈના ઘરે પહોંચ્યા હતા. કોર્ટે બેલીફે કમલેશભાઈની માલિકીની ઓટો રિક્ષા પોલીસ બંદોબસ્ત સાથે જપ્ત કરતા બાકી વીજબિલ ધારકોમાં ફફડાટ પેસી ગયો હતો.

પંચમહાલ જીલ્લામાં બે બુટલેગર્સને પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં મોકલવાયા

ગોધરા, ગોધરા એલ.સી.બી. પોલીસે ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગના લીસ્ટેડ પ્રોહી બુટલેગર્સ કનુભાઈ ઉદેસિંહ બારીયા તેમજ ઘોઘંબા તાલુકાના ગોદલી ગામના લીસ્ટેડ પ્રોહી બુટલેગર્સ ભોદુભાઈ લીમજીભાઈ રાઠવાની પાસા ધારા હેઠળ અટકાયત કરી બંન્ને ઈસમોને મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તેમજ પ્રોહી બુટલેગરો ઉપર પાસા તથા તડીપારની અસરકારક કાર્યવાહી કરવા માટે એલ.સી.બી. પોલીસ ગોધરાને જીલ્લા પોલીસ વડાએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ તે સુચના અને માર્ગદર્શન મુજબ ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગ ગામે બાપુનગરની બાજુમાં વચલા ફળીયામાં રહેતા લીસ્ટેડ પ્રોહી બુટલેગર્સ કનુભાઈ ઉદેસિંહ બારીયા નાઓની વિરૂધ્ધમાં ગોધરા શહેર એ ડીવીઝન તથા મોરવા(હ) પો.સ્ટે. માં વિદેશી દારૂ પોતાના કબજામાં રાખવાનો તથા વેચવાનો તથા હેરાફેરી કરવાના પ્રોહીબીશનના કુલ-૦૪ ગુનાઓ દાખલ થયેલ હતા.આ ઉપરાંત ઘોઘંબા તાલુકાના ગોદલી ગામે નવા ફળીયામાં રહેતો લીસ્ટેડ પ્રોહી બુટલેગર્સ ભોદુભાઈ લીમજીભાઈ રાઠવા નાઓની વિરૂધ્ધમાં દામાવાવ તથા રાજગઢ પો.સ્ટે. માં વિદેશી દારૂ પોતાના કબજામાં રાખવાનો તથા વેચવાનો તથા હેરાફેરી કરવાના પ્રોહીબીશનના કુલ-૦૯ ગુનાઓ દાખલ થયેલ હતા.ઉપરોકત ઈસમોની પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા નાઓને મોકલી આપતા પાસા દરખાસ્ત મંજુર થતા ઉપરોકત ઈસમોને પાસાધારા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવાનો હુકમ જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ, ગોધરાનાઓ તરફથી મળતા એલ.સી.બી. ગોધરા તથા પોલીસ સ્ટાફના માણસોએ ઉપરોકત ઈસમોની બાતમી હકીકત મેળવી ખાનગી વોચ રાખી ઈસમોની અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

લીલેસરા GEB કચેરીમાંથી ચોરી થયેલ ૧૭૫ કિલો વીજતાર સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા, લીલેસરા જી.ઈ.બી. માંથી ૧૮ ડિસેમ્બરે રાતે કચેરીમાં અજાણ્યા ચોરોએ રૂ.૩૮,૫૦૦ના ૧૭૫ કિલો વીજતારની ચોરી થયાની ફરિયાદ ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ હતી. ગોધરા એલસીબી પી.આઈ.ને બાતમી મળી કે ગોધરાના રહેમતનગરમાં રહેતા મુસ્તકિમ અહેમદ પીરખાનાઓ તેના ઘરે ઈલેકટ્રીક વીજ થાંભલાની લાઈનના એલ્યુમિનીયમના વીજ તાર કોઈક જગ્યાએથી મંગાવીને ટેમ્પીમાં ભરીને સગેવગે કરવાની પેરવી કરી રહ્યો છે તેવી બાતમીના આધારે એલસીબીએ રહેમતનગરમાં બાતમીવાળા ઘરે તપાસ હાથ ધરતા પોલીસે શોએબ મહેબુબ જીના તથા મુસ્તકિમ અહેમદ પીરખાનાઓને પકડી પાડ્યા હતા. પોલીસે ટેમ્પા અને રૂ.૩૮,૫૦૦ના ૧૭૫ કિલો વીજતારનો જથ્થો કબ્જે કર્યો હતો. પોલીસે બંનેની પુછપરછ કરતા અમે બે તથા મહેબુબ સુલેમાન કોલા ઉર્ફે ટુમલી, સુફિયાન મહેબુબ ભટુક ઉર્ફે બોડો, અને નિસાર અનવર બદામ ઉર્ફે જંગલીયો ભેગા મળીને ગોધરાના લીલેસરા જી.ઈ.બી.માંથી એલ્યુમિનીયમ વાયરનુ ગુંચળુ ટેમ્પીમાં ભરીને ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૧ દરમિયાન અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનને કોલ દ્વારા ૬૫૬૨ જરૂરિયાતમંદ મહિલાઓને સહાયતા પહોંચાડી

ગોધરા, ગુજરાત સરકાર ના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા કાર્યાન્વિત અભ યમ ૧૮૧ મહિલા હેલ્પ લાઇન છેલ્લા છ વર્ષ થી મહિલાઓ ને જરૂરિયાતના સમયે મદદ, માર્ગદર્શન અને બચાવ દ્વારા જરૂરી સુરક્ષા પૂરી પાડવામાં અગત્યની કામગીરી કરી રહેલ છે. જી.વી.કે.ઇ.એમ.આર.આઇ દ્વારા સિસ્ટમ અને પ્રોટોકોલ સાથે સુચારૂ સંચાલન કરવામાં આવી રહેલ છે. કોઈપણ મહિલાના શારીરિક, માનસિક, આર્થિક, કે જાતીય પ્રશ્નો માં તાત્કાલિક પ્રશ્ન હલ કરવાની દિશામાં મદદરૂપ બને છે ટ્રેઇન મહિલા કાઉન્સેલર દ્વારા પીડિત મહિલાના પ્રશ્નને અસરકારકતા થી કાઉન્સિલગ દ્વારા હલ કરવામાં આવે છે અને પારિવારિક બિન જરૂરી તકરારમાં સમાધાન કરાવવામાં આવે છે, પરતું ઘણા સમય થી હિંસાનો ભોગ બનનાર મહિલાને પોલીસ સ્ટેશનમા ફરિયાદ અપાવવી, આશ્રય અપાવવામાં આવી રહેલ છે. કિશોરીઓ, યુવતીઓ, પરનીત મહિલાઓ કે સિનિયર સિટીઝનને ૨૪૭ વિનામૂલ્યે સેવા પહોચાડમાં આવી રહેલ છે. આ ઉપરાંત બિનજરૂરી કોલ મેસેજ, આપઘાતના પ્રયાસ, કામના સ્થળે જાતીય સતામણી, લગ્નેત્તર અને બાહ્ય સબંધો, માનસિક અસ્વસ્થ વગેરે પ્રકારના મહિલા લક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની દિશામાં કાર્યરત છે.

CALL 181 મહિલા હેલ્પલાઇન સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

વર્ષ ૨૦૨૧ દરમિયાન પંચમહાલ જિલ્લા માંથી કુલ ૬૫૫૨ જેટલા મહિલાઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમા કોલ કરી મદદ, માર્ગદર્શન અને બચાવ માટે કોલ કરેલ હતા. જેમાંથી ખુબ જ ગંભીર પ્રકારના ૧૨૭૩ જેટલા કેસમા સ્થળ પર પહોંચી અભયમ રેસ્કયુ ટીમદ્વારા મદદ પહોચાડવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન ૮૧૯ જેટલા કેસોમાં સમાધાન કરાવવામાં આવેલ છે. ૨૯૨ જેટલા કેસોમાં જરૂર જણાતા પોલીસ ફરિયાદ અપાવવામાં મદદરૂપ થયેલ છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ સરકારના અન્ય વિભાગોમાં અને પરિવારને હેન્ડઓવર કરવામાં આવેલ છે. આમ, તાત્કાલિક સમય મર્યાદામાં પીડિત મહિલાઓને મદદ પહોંચાડવાથી અભયમ ગુજરાતની મહિલાઓની સાચી સખી સાહેલી તરીકે દિન પ્રતિદિન વધુ ને વધુ વિશ્વાસ સંપાદિત કરી રહેલ છે.